Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# શ્રી જૈન ધર્મ પ્રકાશ

પુસ્તક ૬૭ મું ] [ અંક ૧૧ મો

ભાદ્રપદ

ઇ. સ. ૧૯૫૧ ૫ મી સપ્ટેમ્બર

વીર સં. ૨૪૭૭ વિ. સં. ૨૦૦૭

પ્રગટકર્તા—

શ્રી જૈન ધર્મ પ્રસારક સભા

ભાવનગર

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir


# શ્રી જૈન ધર્મ પ્રકાશ.

બહારગામ માટે બાર અંક ને પોસ્ટેજ સાથે વાર્ષિક લવાજમ રૂા. ૩-૪-૦

| પુસ્તક ૬૭ મું અંક ૧૧ મો. | ભાદ્રપદ | વીર સં. ૨૪૭૭ વિ. સં. ૨૦૦૬ |
|---|---|---|


## अनुक्रमणिका


૧. શ્રી પદ્મપ્રભ જિન સ્તવન ... ... ( મુનિશ્રી રુચકવિજયજી ) ૨૨૭
૨. અમર આત્મ જ્યોતિ ( શ્રી મગનલાલ મોતીચંદ શાહ " સાહિત્યપ્રેમી " ) ૨૨૮
૩. શ્રી અભિનંદનસ્વામીનું સ્તવન ... ( આચાર્યશ્રી વિજયપદ્મસૂરિજી ) ૨૨૮
૪. પ્રભુ-સહકાર ... ... ( શ્રી બાલચંદ તારાચંદ " સાહિત્યચંદ્ર " ) ૨૨૯
૫. ધર્મક્રિયા રસપ્રદ શી રીતે થાય ? ... ... ( ,, ) ૨૩૦
૬. સાહિત્ય-વાડીના કુસુમો : : ક્ષપકશ્રેણીનો મુસાફર ( ૩ )
( શ્રી મોહનલાલ દીપચંદ ચોકસી ) ૨૩૩
૭. વિચાર કણિકા : : અન્ધકાર ... ( મુનિરાજશ્રી ચંદ્રપ્રભસાગરજી ) ૨૩૭
,, આંસુનો ઉપદેશ ( ,, ) ૨૪૪
૮. સત્તરિયા અને તેનું વિવરણાત્મક સાહિત્ય : : ૨
( શ્રી હીરાલાલ રસિકદાસ કાપડિયા M. A. ) ૨૩૮
૯. પ્રભુસેવાની પ્રથમ ભૂમિકા ( ડૉ. ભગવાનદાસ મનઃસુખભાઇ મહેતા M.B.B.S. ) ૨૪૫
૧૦. પુસ્તકોની પહોંચ ... ... ... ... ... ... ૨૪૮


### નવા સભાસદ

| | | | |
|---|---|---|---|
| ૧. | શ્રી જૈન શ્વેતાંબર દેરાવાસી સંઘ | મોમ્બાસા | લાઇફ મેમ્બર |
| ૨. | શ્રી જગજીવનદાસ ભગવાનદાસ શાહ | ભાવનગર | ,, |


### સ્વજનોના સ્મરણાર્થે

# જ્ઞાન-દાનનો અપૂર્વ લાભ.

## શ્રી ત્રિષષ્ટિ શલાકા પુરુષ ચરિત્ર પર્વ ૧-૨

### ( ભાષાંતર : : આવૃત્તિ છઠ્ઠી )

ઘણા વર્ષો પૂર્વે આ પુસ્તક અમારા તરફથી પ્રસિદ્ધ કરવામાં આવેલ. તેની નકલ મળતી ન હતી અને વારંવાર માગણી થતી હોવાથી, છાપકામ તથા કાગળની મોંઘવારી છતાં પણ અમોએ આ છઠ્ઠી આવૃત્તિ પ્રકાશિત કરી છે.

કલિકાલસર્વજ્ઞ શ્રી હેમચંદ્રાચાર્ય મહારાજની આ અપૂર્વ કૃતિ માટે તો કહેવાનું જ શું હોય ? છઠ્ઠી આવૃત્તિ એ જ તેની ઉપયોગિતા અને લોકપ્રિયતાની નિશાની છે. આ પુસ્તકમાં આર્થિક સહાયની જરૂર છે, તો સખાવતી અને જ્ઞાનપ્રેમી ગૃહસ્થનું આ તરફ ધ્યાન ખેંચીએ છીએ. આર્થિક સહાય આપવા ઇચ્છનાર ગૃહસ્થે અમારા સાથે પત્રવ્યવહાર કરવો. આર્થિક સહાયકનો ફોટો તથા જીવનચરિત્ર આ પુસ્તકમાં પ્રગટ કરવામાં આવશે. ગ્રંથ ક્રાઉન આઠ પેજી મોટી સાઇઝના ૪૦૦ પૃષ્ઠ લગભગ થશે. લખો—

**શ્રી જૈન ધર્મ પ્રસારક સભા-ભાવનગર.**


For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir





| | | |
|---|---|---|
| પુસ્તક ૬૭ મું. અંક ૧૧ મો | : ભાદ્રપદ : | વીર સં. ૨૪૭૭ વિ. સં. ૨૦૦૭ |


# શ્રી પદ્મપ્રભ જિન સ્તવન.

( તુજ મુજ રીઝની રીઝ—એ દેશી )

શ્રી પદ્મપ્રભ જિનરાજ, આજ વિનતિ ભલેરી;
સુણજો સાહિબ કાજ, જેમ અમ નિસ્તરેરી. ॥ ૧ ॥

તુમ સરિખો જગ કોણ ? જેણે અમ ચિંત કરીરી;
સગપણ વિણ પણ સુજાણ, કરુણા સહુની ધરીરી. ॥ ૨ ॥

આવ્યા જે તુજ હાથે, મુક્તિ જસ તેં દીધીરી;
નવિ આવ્યા તસ હેતેં, જગતમાં થાપી વિધિરી. ॥ ૩ ॥

નવિ દેખ્યો મેં તુજને, તેં મુજને નવિ લહ્યોરી;
કીધી કરુણા તો યે, સાહિબ ઉપકાર ભર્યોરી. ॥ ૪ ॥

શું કહીએ ? જિનદેવ ! ઓળખ તુજ ના લીધીરી;
ભટક્યો ભવ હવે રાખ, એહીજ વિનતિ કીધીરી. ॥ ૫ ॥

કહેવું તે પ્રભુ તુજને, બીજા તો છે ખુનીરી;
રુચકવિજય નિજ ચિત્તે, અન્યથી આંખી ભલીરી. ॥ ૬ ॥

—મુનિરાજશ્રી રુચકવિજયજી.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

## અમર આત્મ જ્યોતિ. ( રાગ–ભૈરવીની ધૂનમાં. )

સ્વ–આત્મ જ્યોતિ કદી ન બૂઝાતી, અમર અખંડ ગણાતી...સ્વ આત્મ૦ એ ટેક૦

રૂપ જૂદાં જૂદાં ભાસે જગમાં, સ્વરૂપ ભેદ મનાતી;
કર્મ મળથી મલિન બનીને, ભવાબ્ધિમાં ભટકાતી. સ્વ૦ ૧
કોઇ દિન માનવ કોઇ દિન દાનવ, દેવપણે વખણાતી;
નરક તિર્યંચ યોનિ ધરીને, વ્યવહારથી અથડાતી સ્વ૦ ૨
સૂક્ષ્મ બાદર ભેદ ઘણેરા, કાળ અનંત દબાતી;
પર્યાપ્તિ અપર્યાપ્તિ પામી, સુષુપ્તિમાંહે સમાતી. સ્વ૦ ૩
કળ અકળ ઇન્દ્રિયાધીન યોગે, પરવશ: બહુ મુંઝાતી;
બંધ કર્મના ઉદય સમયે, પર્યાયરૂપે મનાતી. સ્વ૦ ૪
વિભાવવશ થઇ ગુણુ દબાવી, લાલચમાં લપટાતી;
ભોગ્ય કર્મનાં દુ:ખો ખમવા, જન્મ મૃત્યુ એ મનાતી. સ્વ૦ ૫
ઘસતાં ઘસતાં જ્યોતિ પ્રગટે, મેલ ભર્યો જેમ મોતી;
કર્માવરણથી દૂર થતાં તે, પામે સ્વરૂપ સ્વ જ્યોતિ. સ્વ૦ ૬
કર્મ દંડના કઠણ આઘાતો, સમભાવે વેદે જ્ઞાની;
વિપાકોદય પૂર્ણ થતાં એ, જ્યોતિમાં જ્યોતિ સમાતી. સ્વ૦ ૭

**મગનલાલ મોતીચંદ શાહ. 'સાહિત્યપ્રેમી'**

---

## શ્રી અભિનંદનસ્વામીનું સ્તવન. —આચાર્યશ્રી વિજયપદ્મસૂરિજી

રાગ–સુમતિનાથ ગુણ શું મિલીજી.

અભિનંદન સમતા ગુણેજી, ચંદન જેવા દેવ;
પુણ્યવંત નર ભાવથીજી, કરતા પ્રભુપદસેવ;
અભિનંદન ધ્યાવો, ઉત્તમ અવસર એહ૦ ૧
હેમવર્ણ કપિલંછનીજી, જેના સંવર તાત;
સિદ્ધાર્થા જનનીતણાજી, નંદન જગ વિખ્યાત. અભિનંદન૦ ૨
સાડી ત્રણસો ધનુતણીજી, તનુ લખ સાડી બાર;
પૂર્વ સુધી કુંવરપણેજી, સાડી છત્રીશ રાજ્ય વિચાર. અભિનંદન૦ ૩
ઇગલખ પૂરવ સંયમીજી, સાયર સમ ગંભીર;
દીક્ષા દિનથી વર્ષ અઢારે, કેવલ નાણી ધીર. અભિનંદન૦ ૪
પચ્ચાસ લાખ પૂરવતણુંજી, આયુષ્ય પૂર્ણ હુવંત;
સહસ સાધુ પરિવારથીજી, સમ્મેતગિરિ પર મુક્ત. અભિનંદન૦ ૫
સંભવ જિન નિર્વાણથીજી, દશ લખ કોડી માન;
સાગરકેરા અંતરેજી, અભિનંદન નિર્વાણ. અભિનંદન૦ ૬
નેમિસૂરિ પદ પદ્મનેજી, પામી પુણ્ય પસાય;
ગુણતાં અભિનંદન પ્રભુજી, આત્મકમલ વિકસાય. અભિનંદન૦ ૭

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# પ્રભુ સહકાર

શ્રી બાલચંદ હીરાચંદ "સાહિત્યચંદ્ર"–માલેગામ

પ્રભુ તૂં દિસે સહકાર જગમાં એક તુજ મુજ વંદના;
મંગલ ખરો સર્વાંગસુંદર જગ વડો મન રંજના. ૧
સહુ જ્ઞાનમૂલક વૃક્ષ થઇ તુજ વિસ્તરી શાખા જગે;
શાખા પ્રશાખા નયન રંજન તેજથી જે ઝગમગે. ૨
વ્રત યોગ તપ જપ પર્ણ તાહરા રુચિર જગમાં શોભતા;
તોરણ રચ્યા સહુ ભાવિક ઘર ઘર શુભ સુમંગલ અર્પતા. ૩
છાયા ખરી તારી મનોહર ચિત્ત શાંતિ અર્પતી;
ભવપથિકને વિશ્રામ શીતલ વાયુ સુખકર આપતી. ૪
સહકાર ! તૂં સહકાર સહુને અર્પતો સુખ શાંતિનો;
પાપી અને મુનિ સર્વને તૂટે કરી ભવભ્રાંતિનો. ૫
ધન વિપુલ છાયા તાહરી જે આદરે શુભ ધર્મની;
તે અલ્પ કાળે દુઃખ ટાળી યુક્તિ પામે મુક્તિની. ૬
વિજ્ઞાન નય નિક્ષેપ ભંગો વિવિધ બુદ્ધિ વિચક્ષણા;
શોભે સહસ્રો પર્ણ તારા વિવિધ વર્ણ વિચારણા. ૭
એ પર્ણયુત શાખા વિષે મુનિ વિહગ રમતા મોદથી;
આનંદના કલ્લોલ કરતા સર્વ કાલ પ્રમોદથી. ૮
શુક પિક અને બહુ કોકિલા પણ વચન સુંદર ઉચરે;
તારા પ્રભાવે માન આદર પામતા જસ વિસ્તરે. ૯
ઋતુમાં વસંત પ્રધાન જાણ્યો વર્ષમાંહે એકલો;
પણ તૂં વસંત ખરો નિરંતર શુભ પ્રફુલ્લિત જે ભલો. ૧૦
સહુ સંત કોકિલ કલરવે નિજ શ્રુતિ મનોહર બોલતા;
આનંદ આપે ભવિક જનને નિજ મને સહુ ડોલતા. ૧૧
સહુ શાસ્ત્ર વિદ્યા મંજરી ભક્ષણ કરી બહુ ભાવથી;
તારા પ્રભાવે બોધ આપે ભવિકને અતિ પ્રેમથી. ૧૨
પાકે પછી સહકાર અમૃત તુલ્ય મીઠા ફળ ભલા;
આંબા સુશોભિત સ્વર્ણ રૂપે મુક્તિના દાતા ભલા. ૧૩
ચાખે ખરા પણ વર્ણવે નહીં નિજ ગિરાથી સ્વાદને;
શબ્દો નહીં સુખ વર્ણવાને મુક્તિના આનંદને. ૧૪
હે વીર ! તેમાંથી કદી જો બિંદુ પણ મુજ આપશે;
બાલેન્દુનો ભવ સફલ થાશે સાર્થ મુજ વાણી થશે. ૧૫



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# ધર્મક્રિયા રસપ્રદ શી રીતે થાય ?

( લેખકઃ—સાહિત્યચંદ્ર બાલચંદ હીરાચંદ-માલેગામ )

પ્રભુપૂજા, જાપ કરવો, સામાયિક અથવા તત્સમ ધ્યાન, ધારણા વિગેરે ધર્મક્રિયા ઘણા બંધુઓને કરવી ગમતી પણ નથી. અને જેઓ તે કરે છે તેઓના મનમાં એ ક્રિયાઓ માટે કેટલી રુચિ હોય છે એ પણ એક પ્રશ્ન જ છે. ઘણાખરા તો એ ક્રિયાઓનો પરમાર્થ સમજતા પણ નથી. ઘણા બંધુઓ એવી ક્રિયા કરતી વેળા પોતાનું મન કેવું અસ્થિર થાય છે તેનો અનુભવ કહી સંભળાવે છે. એ ક્રિયાના પ્રસંગે અનેક જાતના વિસંગત અને પ્રપંચ વિષયક વિચારો તેઓના મનમાં દોડધામ કરી મનની વિકૃત સ્થિતિ કરી નાખે છે. અને ક્રિયાઓ કેવળ યંત્રવત્ પોતાની મેળે થતી જાય છે. રોજની ટેવ પડી ગએલી હોવાને લીધે ક્રિયા તો થાય છે; પણ તેમાં મન પરોવાએલું નહીં હોવાને લીધે એ ક્રિયા અમૃત ક્રિયા તો નથી જ થતી. કેટલાએક નિખાલસ અંતઃકરણના બંધુઓ સવાલ કરે છે કે—અમો ક્રિયા તો કર્યે જઈએ છીએ, પણ તે યંત્રવત્ થતી રહે છે, એમાં રસ ઉત્પન્ન થઈ મન ઓતપ્રોત થતું નથી અને તેથી સાચો આનંદ અમો અનુભવી શકતા નથી. અમારી ક્રિયા જાણે યંત્ર ચાલતું રહે અને યંત્રમાંથી વસ્તુ નિર્માણ થતી રહે પણ યંત્ર જેવી રીતે નિર્વિકાર રહી પોતે કાંઈ સંવેદના ભોગવતું નથી, તેવી જ રીતે ક્રિયા કરનાર ઉપર કાંઈ અસર થતી નથી. ત્યારે પ્રશ્ન એ થાય છે કે—એવી ક્રિયા કરવાથી લાભ શો ? તેના કરતા તો ક્રિયા નહીં જ કરવી એમાં ખોટું શું છે ? આમ કહેનાર અને માનનાર બંધુઓ માટે વિચાર કરવાની આપણને જરૂર છે.

આત્મા અનાદિકાળથી અનંત કર્મો કરતો આવેલો છે. એ કર્મો કરતાં એ જડ અથવા પુદ્દગલ સાથે એટલો ઓતપ્રોત થઈ ગએલો હોય છે કે—આત્મા જેવી કોઈ વસ્તુ છે અને તે આ સ્થૂલ જણાતા શરીર કરતા કાંઈ જુદી છે એવું એ માનવાને પણ તૈયાર નથી. એને પુદ્દગલ સાથે એટલી દૃઢ મિત્રતા જામી ગએલી હોય છે કે—એ શરીરને જ સર્વસ્વ સમજી બેઠેલો છે. આત્મા એ મુખ્ય અધિપતિ કે રાજા છે અને શરીર એને રહેવા માટે મહેલ કહો કે ઘર કહો એ જુદી જ વસ્તુ છે. કાલાંતરે શરીરનો નાશ નિર્માણ થએલો છે અને આત્મા એ અનાદિ કાલથી અસ્તિત્વમાં છે અને અનંતકાલ સુધી ટકવાનો છે. એ અમર છે અને કર્મમલ ધોવાઈ જતા એ અત્યંત ઉજ્જવલ અને દિવ્ય થઈ જવાનો છે એ વસ્તુ તદ્દન ભૂલી જ જવાઈ છે. શરીરને જરા પણ અશાતા થતા એ પોતાને જ અશાતા થઈ એમ સમજી દુઃખી થાય છે. કોઈ એકાદ અપશબ્દ બોલે કે એ પોતા ઉપર તાણી લઈ ક્રોધવશ થઈ જાય છે. એકાદ જગે એણે ધારેલી અને માનેલી જગ્યા ઉપર એને બેસવા ન મળે તો એને મન બધું જ બગડી ગયું એમ સમજી એ દુઃખી થાય છે, એનું માન ઘવાય છે એણે પોતે ધારણ કરેલા શરીરની કે અહંકારની વાત બાજુ ઉપર મૂકીએ તો પણ એનું



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



દ્રવ્ય કે વસ્તુ અગર ઘર જે પોતાનું છે એમ નિશ્ચયથી માની લીધેલું હોય છે તેનો વિયોગ કે નાશ થતા તે એટલો બધો કકળાટ કરે છે કે—જાણે એ પોતે જ મહાદુઃખી થઇ ગએલો હોય એમ માની અત્યંત વેદનાઓ અનુભવે છે. મતલબ કે, પોતાથી સંબંધિત બધી જ વસ્તુઓને અને પોતાના શરીરને પોતે જ હોય એમ માને છે. પોતાનું માની લીધેલું ઘર બળે છે ત્યારે એ પોતે જ બળ્યો એમ માને છે. દ્રવ્ય જતું રહેતાં હું ડુબ્યો, હું મર્યો એમ એ માને છે. વાસ્તવિક જોતાં સંયોગ અને વિયોગ એ કર્મજનિત ઘટનાઓ થાય છે. જાણે કે—નાટકમાં થાય છે તેમ વેષ પરાવર્તનરૂપ જ બધું હોય છે. ઘણા કાળની એ ટેવનું જ એ પરિણામ છે એ વસ્તુ સ્પષ્ટ છે. એ ટેવ બદલી આપણે બીજી જાતની ટેવ પાડવી છે. એક વલણ બદલી જુદું વલણ આપણે આપવું છે. દોરીનો વળ એક બાજુ છે તે ફેરવી નવો વળ એને આપવો છે. ત્યારે તે બદલતા કેટલું મુશ્કેલ થાય છે એ અનુભવસિદ્ધ વાત છે.

જે જીવ આત્માથી તદ્દન વિરુદ્ધ દિશાએ કાર્ય કરતો હોય, પુદ્ગલ તરફ તેણે સદ્ભાવ કેળવેલો હોય, રાતદિવસ પુદ્ગલ કે જડ સાથે જ એને આનંદ આવતો હોય એને આત્મ સન્મુખ કરવો એ અત્યંત અઘરી વસ્તુ સમજવાની છે. એકાદ પુણ્યવાન જીવ વિશિષ્ટ પ્રકારનું પરાક્રમ ફોરવી ફોરવી પોતાનું વલણ ફેરવી શકે તો વાત જુદી. પણ સામાન્ય માનવ માટે એ વસ્તુ લગભગ અશક્ય જેવી છે. શ્રીપાલ ચરિત્રમાં લડાઇ બાદ અજિતસેન રાજા જ્યારે રાજા મટી સંત-સાધુ બને છે ત્યારે શ્રીપાલ એ મુનિની મુક્તકંઠે સ્તુતિ કરે છે. શ્રીપાળ કહે છે કે—મુનીશ્વર ! આપે તો પુદ્ગલ અને આત્મા જુદા માની લીધા અને સત્ય વસ્તુ જાણી તે માર્ગે પ્રયાણ કર્યું છે. અમારામાં પુદ્ગલ અને આત્મા જુદા માનવાની શક્તિ આવી નથી. ભાવના જો કે છે, પણ શક્તિ નથી. શ્રીપાલ જેવા ધર્મપરાયણ વિશુદ્ધ આચરણ કરતા શુદ્ધ શ્રાવકને પણ આત્મસન્મુખ થવાની ટેવ પાડવી અઘરી લાગી અને પોતાની અશક્તિ જણાવવી પડી ત્યારે સામાન્ય મનુષ્યની ત્યાં શું કીમત હોય ?

એકાદ સામાન્ય વ્યસન માણસને હોય, ટેવ પડી ગએલી હોય તે છોડાવવી હોય તો તે માટે કેટલું કષ્ટ પડે છે ? વ્યસની માણસ કહે છે કે—એ વ્યસન મને છૂટતું નથી. વાસ્તવિક જોતાં વ્યસન એવી વસ્તુ નથી કે જે પોતે થઇને મનુષ્યને આવી વળગે. એ તો મનુષ્યે પોતે જ ઉત્પન્ન કરેલી વસ્તુ હોય છે. એ ધારે તો તે છોડી શકે, પણ વ્યવહારમાં એ એમ કહે છે કે—મને વ્યસન છૂટતું નથી. વાસ્તવિક એ પોતે તે છોડવા તૈયાર હોતો નથી. પણ દોષ પોતાનો નહી જોતાં જાણે કરતું કારવતું બધું વ્યસન પોતે જ છે. પોતાનો એમાં જાણે દોષ જ નથી એમ એ બોલે છે.

અનાદિ કાળથી આત્મવિમુખ બધા કાર્યો કરનારને આત્મસન્મુખ કરવા માટે ધર્મક્રિયાના બધા વિધાનો છે. એ ક્રિયાઓમાં અને અનુષ્ઠાનોમાં એકદમ આનંદ આવવો એ અત્યંત મુશ્કેલ છે. નાના બાલકને ગુરુ સન્મુખ ભણવા મોકલવો હોય ત્યારે ઘણી ખટપટ કરવી પડે છે. અનેક જાતના વિલોભનો એની સામે ધરવા પડે છે. ખાવાની, પીવાની અને સુંદર ચિત્રો તેમજ સંગીત વિગેરેના પ્રયોગો એની સામે ધરવા પડે છે

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



એને ભણવું એ કડવા ઓસડ જેવું લાગે છે. એની સામે ખાંડ, ખજૂર કે એકાદ મિષ્ટ વસ્તુ રાખવી પડે છે. અને એના લોભથી ભણવા માટે એની મતિ તૈયાર કરવી પડે છે. જ્યારે એ થોડું ભણે છે અને એમાં નવી નવી આનંદની વસ્તુઓ છે એમ એના અનુભવમાં આવે છે ત્યારે એ નિયત કરેલ વખત પહેલા નિશાળમાં હાજર થઇ જાય છે. ભણતરમાં ઉચ્ચાંક મેળવતા એના આનંદમાં વધારો થાય છે. પછી તો કોઇ કહે કે— આપણે આજે રમીશું, ભણવા જવું નથી. ત્યારે એને જરાએ ગમતું નથી. એને તો ભણવું, ભણવું ને ભણવું જ સૂઝે છે. એ રીતે એના આનંદનો વિષય બદલાઇ જાય છે, પણ એ માટે પ્રથમ કેટલી ખટપટ કરવી પડી હતી એનો વિચાર કરવો જોઇએ.

સામાન્ય મનુષ્ય પ્રાથમિક નિશાળીઆ જેવો જ હોય છે. એને અત્યારસુધી જે વસ્તુમાં આનંદ આવતો હતો તે વસ્તુ છોડાવી તેનો અન્ય વસ્તુમાં આનંદ મનાવવો છે. ત્યારે પ્રથમ ધર્મક્રિયા જેવી વસ્તુઓ ખારી લાગે એ સ્વાભાવિક છે. કોઇના કહેવાથી તે કરે તો પણ તેમાં રસ ન જામે, આનંદ ન આવે એ સ્પષ્ટ વાત છે. શાસ્ત્રકારોએ એવી આત્મસાક્ષીની ક્રિયાના ફળો બતાવી વિલોભન પણ કરાવેલ છે. પણ શાસ્ત્રકારો કાંઇ સાધકની જોડે હમેશ આવી ઊભા રહે? શાસ્ત્રો જ્યારે વંચાય, તેનો પરમાર્થ જ્યારે જાણવામાં આવે અને તેના ઉપર શ્રદ્ધા ઉત્પન્ન થાય ત્યારે જ બધું ઠીક માર્ગે ચઢે. પણ એ બધું થતા સુધી અનાદિકાળથી પડેલી ટેવો કાંઇ શૂન્ય થઇ બેસી રહેવાની નથી. એક વખત એટલું નક્કી થઇ જાય કે ધર્મક્રિયા અને અનુષ્ઠાનો એ અંતે આત્મકલ્યાણ કરનારી વસ્તુ છે, તો પછી આપણે પોતે જ આપણા ગુરુ થઇ જવું પડે. આપણે પ્રથમ દર્શને કંટાળો આવે. ક્રિયાઓ નિરુપયોગી લાગે. છતાં આપણે ગભરાઇ જવાનું કાંઇ કારણ નથી. પ્રથમ બાલનિશાળીઆની પેઠે આપણે પણ ક્રિયામાં રસ પડતાં સુધી ક્રિયા-ભલે તે નિરુપયોગી જેવી લાગે-કર્યે જ જવી જોઇએ. વાસ્તવિક ક્રિયામાં દોષ નથી હોતો પણ આપણે અનાદિકાળની ટેવ પડી ગએલી છે તે એમાં રસ ઉત્પન્ન થવામાં આડે આવે છે. આપણે તો નિરપવાદપણે ક્રિયા કર્યે જ જવું એ આપણું કર્તવ્ય છે. આપણે તો ક્રિયા કરીએ અને બીજી ઘડીએ એના રૂડા ફળોની રાહ જોઇએ, એ આપણું અજ્ઞાન છે. ક્રિયા યંત્રવત્ જ્યાંસુધી થાય છે ત્યાંસુધી તેના ફળની અને આનંદની રાહ જોવી એ આપણું પોતાનું અજ્ઞાન છે. ક્રિયા રસપ્રદ થતા સુધી યંત્રવત્ કરતા રહેવું એટલું જ આપણું કર્તવ્ય છે. જેવી રીતે બાલકને એક રીતે જોઇએ તો તેની ઇચ્છા વિરુદ્ધ યંત્રવત્ ક્રિયા કરીને જ ભણવાની ટેવ પાડવી પડે છે. અને એ ટેવ પાકી થતા એમાં પોતાની મેળે રસ ઉત્પન્ન થાય છે. પ્રથમ જ રસ કેમ ઉત્પન્ન થતો નથી? એ પ્રશ્ન અસ્થાને છે. અસંત ચિવટાઇથી-અને ભલે યંત્રવત્ હોય-ક્રિયા કરવાનો આગ્રહ રાખવાથી રસ ઉત્પન્ન થાય છે એ જ્ઞાનીઓની અનુભવજન્ય વાત છે. આપણી પણ એમાં શ્રદ્ધા જાગે અને અનાદિકાળથી પડેલી પુદ્‌ગલાનંદી કુટેવો દૂર થઇ ધર્મક્રિયા રસપ્રદ થઇ જાય એ જ અભ્યર્થના!

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# સાહિત્ય-વાડીનાં કુસુમો.

## ક્ષપકશ્રેણીનો-મુસાફર. (૩)

( લેખક:—શ્રી મોહનલાલ દીપચંદ ચોકસી-મુંબઈ )

( ગતાંક પૃષ્ઠ ૧૭૫ થી ચાલુ )

**હૃદયમંથનના અંતે—**

અહા ! આજે મેં જે દ્રશ્ય જોયું એ જ જો જીવન-સાફલ્યમાં લેખાતું હોય તો સાચે જ એ બિહામણું છે ! એ જાતના બિભત્સ દ્રશ્યમાં રાચનાર ખરેખર મૂર્ખ-શિરોમણી જ ગણાય. જે સૌન્દર્ય પાછળ હું અંધ બન્યો, જે રૂપરાશિસમા રમણી-યુગલ સાથે સંસારી વિલાસો માણવા, હું પવિત્ર જીવનના પગથિયે ચાલી ચલાવી, લોકલજ્જા કે આત્મખ્યાતિને ગણકાર્યા વિના સામે આવ્યો, અરે ! પૂનિત પંથની સૌરભ છોડી, સંસારની ગંદકીભરી ખાઇમાં કૂદી પડ્યો ! એનો આખરી અંજામ આ હોય તો મારે એને છેલ્લા રામ રામ કરવા જ જોઇએ. પરિસ્થિતિ કથળી જાય એ પૂર્વે હાથ ઉઠાવી લેવો ઘટે.

શું શચી-રંભા મારા પૂર્વ જીવનથી અજ્ઞાત હતી ! હું તેમની સાથે સ્નેહની સાંકળ સાંધવા સાધુપણું ત્યજીને આવી રહ્યો છું એની તેમને ખબર હતી. યોગ્ય જીવન-સખા તરીકેની પસંદગી પરસ્પરના લાંબા દિવસોના વાર્તાલાપ પછી જ થઇ હતી. પ્રભુતામાં પગલાં પાડતી વેળાયે, એ રમણી-યુગલને, મારા અંતરમાં તેમના વિષેના અસ્ખલિતપણે વહેતા પ્રેમ-ઝરાના દર્શન કરાવતાં મેં કહ્યું હતું કે-" આપણા દાંપત્ય જીવનને સુખદાયી અને આદર્શ બનાવવું એ આપણુ ત્રિપુટીનો પવિત્ર ફરજ હોવાથી, આપણે એક બીજાના વિચારોને અનુકૂળ થઇ વર્તવાની ટેવ પાડવી પડશે. એ કારણે એક બીજાને માફક ન આવે એવી આદત છોડવી પડશે. ગુરુમહારાજની વિદાય માંગતા તેઓશ્રીએ જે હિત-શિક્ષારૂપે મને આમિષ-ભોજન અને મદિરાપાનથી દૂર રહેવાની વાત કહી છે તે મારે અડગપણે પાળવાની છે અને મારી અર્ધાંગના તરીકે તમો ઉભયને પણ એ બંધન સ્વીકારવું પડશે. રસવતી-ગૃહમાં જ નહીં પણ આપણા આવાસમાં એ અભક્ષ્ય વસ્તુઓનો પ્રવેશ કોઇપણ સંયોગોમાં થવા ન પામે એની તકેદારી રાખવી પડશે. કળાકારો કેટલીક છૂટો લે છે એ જોતાં, અથવા તો નાટ્ય કળા એ ઉચ્ચ કોટિની કળા છતાં, ધંધારૂપે કમાણીનું સાધન બનતાં એમાં ભાગ લેનાર પાત્રોના હાથે ઉપરકહ્યા તેવા ભોજન-પાન છૂટથી કેટલાક સ્થળે થતાં જોઇ મારે આ વાતની ચોખવટ પ્રથમથી જ કરવી પડી છે. અધઃ-પતનની ઊંડી ખાઇમાં એક સાચા પ્રેમી તરીકે મેં ઝંપલાવ્યું છે એ વાત દીવા જેવી સ્પષ્ટ છતાં મારો આદર્શ ઊંચો છે. મારો હાથ જીવનની વિષમ વેળાએ પકડનાર અને માનવતાના પાઠ પઢાવનાર, તેમજ જ્ઞાન દીવડાથી જીવનપંથ ઉજાળનાર ગુરુદેવની



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



હિતશિક્ષા જે મેં હસતે મુખડે સ્વીકારી છે, એમાંથી હું જરાપણ ચલિત થનાર નથી, તેમ ધાલમેલ થવા દેનાર પણ નથી જ. ”

એ ઉભય તરુણીઓએ, પોતાના પિતાની હાજરીમાં મારી વાતનો રાજીખુશીથી સ્વીકાર કર્યો હતો. એટલા સારુ તો જુદો આવાસ અને ભિન્ન રસોડાની વ્યવસ્થા કરવામાં આવી હતી, પણ આજે જે ચિતાર મારી આંખે આવ્યો એ જોતાં મને લાગે છે કે–એ સ્વીકાર સાચા હૃદયનો નહોતો. એમાં તક મેળવીને કિંવા ચોરીછુપી કેળવીને છૂટ લેવાઈ છે. સ્વામીના પ્રેમી હૃદય કરતાં પણ મદિરાપાનની મોહિની વધુ મીઠી લાગી છે.

સ્વસૌન્દર્યરાશીથી હજારોને આકર્ષનાર, વિવિધ કળાઓથી હજારોના મન મુગ્ધ બનાવનાર, સુકોમળ દેહયષ્ટિ તેમજ કમનીય ગાત્રોથી રમણીરત્નો તરીકેની ખ્યાતિ પ્રાપ્ત કરનારના ચહેરા પર માખીઓ ગણગણાટ કરતી હોય, ન સહી શકાય એવી ગંધ મુખવાટે હવામાં પ્રસરતી હોય, અને બેભાન દશાના કારણે પરિધાન કરેલાં વસ્ત્રાનું ઠેકાણું ન હોય, કેવલ બિભત્સ દ્રશ્ય સર્જાયું હોય ! તો ‘ દીવા પાછળ અંધારું ’ એ વૃદ્ધોની કહેવત સાચી ગણાય. ઇંદ્રવારૂણીના ફળ સમા બહારના ભપકાથી અંજાઈ જનાર કદી સમજુ કે પ્રાજ્ઞ લેખાય ?

મારો પ્રેમ ભલે સાચો હોય, દાંપત્યભાવ પાછળનો આદર્શ ઊંચો પણ હોય, છતાં સંસારના માનવોનો અતિમોટો ભાગ તો કેવલ પૌદ્‌ગલિક સુખોમાં જ રાચનાર હોય છે. એમાં વિશ્વકર્મા જેવા ખ્યાતિ પામેલા કળાકારની પુત્રીઓ પણ લોભાય, એ કડવો ઘુંટડો ગળવારૂપ છે. પણ સગી આંખે જોયેલા દ્રશ્યને વિસરી શકાય તેવું નથી એટલે માનવું જ રહ્યું કે ‘ પ્રેમ અને આદર્શ ’ને છેલ્લી સલામ કરી પુનઃ અધ્યાત્મના પંથે પળવું એ જ માનવભવની સાર્થકતા.

આવાસના એકાંત પ્રદેશમાં આ ઉદ્‌ગાર કાઢનાર વ્યક્તિ તે અન્ય કોઈ નહીં પણ કથાનાયક આષાઢભૂતિ પોતે જ છે. એ સાધુ મટી નાટકીઆ બન્યા, શચી–રંભાની કામણગારી જોડી સાથે રંગભૂમિ પર વિવિધ પાઠ ભજવતા થયા, અને વર્ષોના વહેવા સાથે રાજગૃહ જેવા વિશાલ નગરમાં જ નહીં પણ મગધ દેશના ખૂણે ખૂણામાં અને એની બહારના કેટલાયે દેશોમાં એક નામાંકિત નાટ્યકાર તરીકેની ખ્યાતિને વર્યા, અને છેલ્લે જોયું તેમ જૈન સાહિત્યના એક ઉચ્ચ કોટિના માનવ ભરતચક્રીને રંગભૂમિ પર લાવવાના કામમાં મશગૂલ બન્યા છે અર્થાત્ ‘ ભરતચક્રીનું નાટક ’ ટૂંક સમયમાં ભજવવાના છે એવી તેમની જાહેરાત પણ જોઈ ગયા. એ સંબંધમાં ગુરુદેવ સમક્ષ ધર્મપ્રેમી શ્રેષ્ઠીઓને ધા નાખતા અને આચાર્યશ્રીને આશ્વાસન આપતા આપણે વાંચી ચૂક્યા.

પણ એના મૂળમાં કેવી લીલા ભજવાઈ ગઈ છે એ જાણ્યા વિના, વાર્તા–પ્રવાહમાં રસપૂર્વક આગળ વધી શકાય તેમ ન હોવાથી, એ તરફ ઊડતી નજર ફેરવી લઈએ.

દિવસના વહેવા સાથે, નવીનતાનો રંગ ઝાંખો પડવા માંડે છે. યુવાનીનો તનમનાટ ઓગળવા લાગે છે અને સૌન્દર્યનો ઓપ ઉતરવો શરૂ થાય છે. પૌદ્‌ગલિક વસ્તુઓનો આ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



સ્વભાવ છે. એમાંથી માનવદેહ પણ મુક્ત રહી શકતો નથી. ઉભરાતા પ્રેમવાળા શચી-રંભા કે આષાઢભૂતિરૂપ પાત્રોમાં પણ આ સ્થિતિ વર્ષોના વહેવા સાથે આવી. સંસારના વિવિધ વિલાસો માનનાર રમણી–યુગલને આષાઢભૂતિને જે ચીજ નહોતી પસંદ એ આમિષ-ભોજન ને સુરાપાનનો સ્વાદ લેવાનું મન થયું. ચોરીછુપીથી એ માર્ગ લેવાયો. પછીથી એમાં એવો રસ પડયો કે એની આગળ અન્ય પ્રકારના ષડ્રસ ભોજનો શુષ્ક લાગવા માંડયા.

એક દિન રાજભવનમાં દિવસનો મોટો ભાગ અને રાત્રિના પણ થોડા કલાકો વિશ્વ-કર્માની મંડળીને રાજાની આજ્ઞાથી ગાળવાનું નક્કી થયું. એમાં આષાઢભૂતિને પણ જવાનું હતું. એ તક સાધીને રમણીયુગલે એ દિવસે યથેચ્છપ્રકારે ભોજન રસ લૂંટવાનું ગોઠવી રાખ્યું.

નિયત દિવસ આવતાં જ સવારના ભોજનથી પરવારી મંડળી સાથે આષાઢભૂતિ રાજભુવનની દિશામાં ઉપડી ગયા. આવાસમાં પણ આમિષ-ભોજન અને સુરાપાનની મીજલસ જામી ગઇ. ઉભય રમણીઓએ સ્વચ્છંદપણે એનો સ્વાદ માણ્યો અને નિશો ચઢતાં નિશ્ચિંતપણે સુકોમળ શય્યામાં કાયા લંબાવી. નિશાના ઓળા સૃષ્ટિ પર ઉતરે એ પૂર્વે તો જાગ્રત થઇ, શણગાર સજી જાણે કંઇ બન્યું નથી એ રીતે સ્વામીનું સ્વાગત કરીશું એવી આશા સેવતી આ લલનાઓની આંખો ઘેરાવા માંડી અને અલ્પ સમયમાં નિદ્રાદેવીનો કબજો પણ એમના નેત્રો પર સ્થપાયો.

માનવ ધારણા પ્રમાણે કુદરતનું તંત્ર ચાલતું હોત તો જે કંઇ બનાવો ઇતિહાસના પાને સંઘરાયેલાં છે એમાંનાં મોટા ભાગનું અસ્તિત્વ જ ન હોત, પણ વિધાતાની જાગ્રત દશા અને કલ્પનામાં પણ ન હોય એવું ચિત્ર આળેખવાની શક્તિ જોયા–જાણ્યા પછી ખૂદ નીતિવેત્તાઓને હાથ ધોઈ નાંખવા પડયા છે અને કહેવું પડયું છે કે–' કુદરત બળવાન છે ' અથવા તો ' **विधिरेव बलीयसी.** '

મગધના રાજમહાલયમાં વિશ્વકર્માની મંડળીએ સંગીતની જમાવટ કરી અને જ્યાં એમાં ઉત્તરોત્તર રસનો પારો ચઢવા લાગ્યો ત્યાં અચાનક પ્રતિહારીએ આવી એવા સમાચાર આપ્યા કે રાજવીને આ જલ્સો બંધ રાખવો પડયો અને મંત્રણાગૃહમાં તરત જ જવું પડયું. ' વર વિનાની જાન ' જેવી દશા ! મંડળી તરત જ પોતાના સાજ બાંધી પાછી ફરી. આષાઢભૂતિ ધાર્યા કરતાં ઘણા વહેલા પોતાના આવાસે આવી પહોંચ્યા.

દાદર ચઢી જ્યાં શયનગૃહમાં પગ મૂકે છે ત્યાં ઉભય પત્નીઓને ઘોરતી, તેમના મુખ પર માખીઓને ગણગણાટ કરતી અને મુખમાંથી મદિરાની નીકળતી વાસ કમરાના વાતાવરણને ભરી દેતી નિહાળી. ઘડીભર તો એ સ્થંભી ગયો ! સંસારી જીવનમાં પગલાં પાડયા પછી આ દ્રશ્ય પહેલીવાર જ જોયું. એની બિભત્સાએ પ્રેમી હૃદયમાં ઉલ્કાપાત મચાવ્યો. શરૂઆતમાં જોયું તેમ એને વિચાર–કરતો બનાવી દીધો. એ એવો તો અકળાઇ ગયો કે ત્યાં વધુ વખત થોભ્યા વગર નજિકના કમરામાં જઇ, એકલો વિચારના મણકા મૂકી રહ્યો. તેના મુખમાંથી જે ઉદ્દગારો બહાર પડ્યા તે આપણે જોઇ ગયા.

નિશો ઉતરતાં, જ્યારે ઉભય લલનાઓએ આંખો ખોલી ત્યારે સંધ્યાસુંદરીના

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



આગમનની ઝુંગળ વાગી રહી હતી. જ્યાં શય્યા છોડી,'સ્વસ્થ થવાની તૈયારી કરવા પગલાં ભરે છે ત્યાં દાસીમુખે સ્વામીના જલ્દી આગમનના સમાચાર કાને પડ્યા અને એ પણ જાણવામાં આવ્યું કે–તેઓ શયનગૃહમાં પણ આવી ગયા હતા. મુદ્દામાલ સાથે પકડાઈ જનાર ચોરની જેવી શરમીંદી દશા થાય અને ચહેરા પરનું નૂર ઓસરી જાય, તેમ એ વાતથી શચી–રંભાના સંબંધમાં પણ બન્યું. મુખ પરની લાલાશ શ્યામતામાં ફેરવાઈ ગઈ ! પોતાના જ આવાસમાં એ ઉભય ગુન્હેગારની સ્થિતિમાં મૂકાઈ ચૂકી ! મનમાં ઊભા થયેલ મૂંઝવણે એટલું જોર કર્યું કે શું કરવું એની સમજ ન રહી. મુખ-પ્રક્ષાલન અને ઉચિત વસ્ત્ર-પરિધાન આદિ કાર્યવાહી થઈ, પણ તે યાંત્રિક પૂતળાની માફક.

'કિંકર્તવ્યમૂઢ દશા' ઝાઝો સમય ન રહી ! સ્વામી બોલાવે છે એવું કહેણ થોડા કાળમાં જ દાસીદ્વારા આવ્યું. અકળિત ભયથી ગભરાતી હરિણી માફક ઉભયે કમરામાં પગ મૂક્યો. પૂછ્યા વિના જ એક સાથે બન્નેએ ગદ્ગદ કંઠે કહ્યું. નાથ ! અપરાધની ક્ષમા આપો. જિહ્વા રસે ફરજ ભૂલાવી છે. પુનઃ આવું ન કરવાની ખાતરી આપીએ છીએ.

વામાઓ ! ગભરાવાનું કંઈ જ કારણ નથી. માનવમાત્ર ભૂલને પાત્ર છે. બુદ્ધિમાનની ફરજ તો એ વેળા એમાંથી તથ્ય મેળવવાની છે. તમોએ જે આચરણ કર્યું એ જરૂર દોષપાત્ર છે, છતાં કર્મના પ્રપંચને પિછાનનાર હું તમોને ઠપકો દેવા નથી ઇચ્છતો. તમો તો નિમિત્ત માત્ર છો. મેં આખાયે બનાવ પરથી સાર શોધી લીધો છે અને તે એટલો જ કે 'મારે મારા પૂર્વના પથે પાછા ફરવું.'

ટૂંકમાં કહું તો એટલું જ કે સ્નેહનો તૂટેલો તાર ફરીથી સંધાય તેમ નથી જ. તમો રાજીખુશીથી મારા નિશ્ચયને વધાવો અને હસતા મુખડે રજા આપો.

સ્વામિન્ ! તમારા વગર અમારે કોનું શરણ ગ્રહવું ?

પ્રમદાઓ, એ પ્રશ્ન અસ્થાને છે. પિતા એવા વિશ્વકર્મા છે, સંપત્તિ છે અને ઉભયમાં એક કરતાં એક ચઢીયાતી એવી કળાઓનો વાસ છે એને શરણની જરૂર કેવી ?

નાથ ! આપશ્રીના સ્વભાવની દ્રઢતાથી અમો પરિચિત છીએ, એટલે સમજી ચૂકયા કે અમારી ભૂલે સર્વનાશ નોતર્યો છે; છતાં પિતાજીને બોલાવો અને તેઓ જે માર્ગ કાઢી આપે તે આપ તથા અમો કબૂલ રાખીએ.

વિશ્વકર્માને બોલાવવામાં આવ્યા. સર્વ વૃત્તાન્તથી માહિતગાર કર્યા. શરૂઆતમાં તો આષાઢભૂતિનો નિરધાર ફેરવવા તેમણે ઘણો પ્રયાસ કર્યો. તેમની નજર સામે સ્વપુત્રીઓને ઉપાલંભ આપ્યો. પણ 'ધનુષ્યમાંથી બાણ છૂટયું તે છૂટયું' એ માફક આષાઢભૂતિની 'ના' કાયમ જ રહી. આખરે એવું ઠર્યું કે એક નવિન નાટક ભજવી, એ દ્વારા સારી કમાણી કરી આપી, પછી આષાઢભૂતિએ પોતાના પૂર્વ પંથે પ્રયાણ કરવું.

આ યોજના પાછળ સસરા-જમાઈના હેતુ નિરાળા હતા. વિશ્વકર્માની ધારણા હતી કે થોડો સમય વાત આઘી ઠેલાતા જમાઈ પુનઃ રાગથી લેપાઈ જશે. આષાઢભૂતિ માનત કે રાજીખુશીથી છેડો છૂટે છે. ભરતચક્રીના નાટકનું સર્જન ઉપરના બનાવને આભારી છે

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



## વિ*ચા*ર*ક*ણિં*કા.

### અન્ધકાર

અન્ધકાર, પ્રિય અન્ધકાર! જગતને ભલે તારો અણગમો હોય, કવિઓ ભલે તારા દુર્ગુણનાં વર્ણનો કરતા હોય અને જગતના પ્રવાસીઓ ભલે તારાથી દૂર-દૂર ભાગતા હોય; પણ હું તો તને હૈયાથી, પ્રેમથી ચાહું છું!

તારા વિના મને, મારા ઇશનું સ્મરણ કોણ કરાવે?

પ્રકાશમાં, અનેક વિરાટ વસ્તુઓના અવલોકન અને નિરીક્ષણથી મારો વિભુ મને સાવ નાનો લાગે છે-અરે, કેટલીક વાર તો જગતના તખ્તા પરથી સંપૂર્ણ લુપ્ત થતો દેખાય છે!

—પણ અન્ધકારમાં તેમ નથી. અન્ધકારમાં તો વિશ્વની સર્વ વિરાટ વસ્તુ વિલીન થઇ જાય છે-બહાર અન્ધકાર હોય ને અન્તરમાં પ્રકાશ હોય-ત્યારે તો માત્ર મારો વિભુ જ વિરાટ રૂપે દેખાતો હોય છે. એ અન્ધકારમાં અનોખા આકારને ધારણ કરી, એ પ્રેમના મૂર્ત્તસ્વરૂપે નયન સન્મુખ ખડો થાય છે!

મારા એ નાવલિયાને જોઇ, હું આનન્દથી નાચી ઊઠું છું, ને હર્ષભેર ભેટવા જાઉં છું ત્યારે, એ અમૌખિક મૌન વાણીમાં કહે છે:

"ઊભો રહે. ભેટવાને જરા વાર છે. તારી ને મારી વચ્ચે પડદો છે. સબળ પુરુષાર્થ કરી, કર્મના એ પડદાને ચીરી નાંખ, અને પછી તો, તું તે હું છું ને હું તે તું છો-જ્યોતિ-શું-જ્યોતિ મિલી."

મારા વિભુ સાથે આવો મધુર વાર્તાલાપ કરાવનાર અન્ધકાર! હું તને કેમ ભૂલી શકું?

ઓ મારા પ્રિય અન્ધકાર! આવા સમયે તો તું પ્રકાશ કરતાં પણ મહામૂલો છે!

જગત, ભલે તારું મૂલ્યાંકન ન કરે; પણ મૂલ્ય કરવાથી જ વસ્તુ મૂલ્યવાન થાય છે, એમ કોણે કહ્યું? એમ તો મલયાચલ પર વસતા ચન્દન-વનોનું પણ મૂલ્યાંકન કોણ કરે છે?

મૂલ્યાંકન ન કરવા માત્રથી એની સરસતાને કોઇ નિરસતામાં ફેરવવા સમર્થ છે ખરું?* —ચન્દ્રપ્રભસાગર(ચિત્રભાનુ)

---

* સરખાવો:— या निशा सर्वभूतानां, तस्यां जागर्ति संयमी ।
यस्यां जाग्रति भूतानि, सा निशा पश्यतो मुनेः ॥

સર્વ અજ્ઞાની મનુષ્યોની જે રાત્રિ(અંધકારરૂપ) છે, તેમાં સંયમી-યોગી જાગે છે, અર્થાત્ તે તેનો દિવસ-પ્રકાશ છે; અને જેમાં-દિવસમાં સર્વ અજ્ઞાની મનુષ્યો જાગે છે, તે આત્માર્થી મુનિની રાત્રિ છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# સત્તરિયા અને તેનું વિવરણાત્મક સાહિત્ય

( ૨ )

( લેખકઃ—પ્રો. હીરાલાલ રસિકદાસ કાપડિયા M. A. )

( ગતાંક પૃષ્ઠ ૨૦૦ થી ચાલુ. )

" મુક્તાબાઇ જ્ઞાનમંદિર " ( ડભોઇ ) તરફથી વિ. સં. ૧૯૯૯ માં છપાવાયેલી ચુણ્ણિ( પત્ર ૭ અ )માં જે મતાંતર નોંધાયો છે તે પ્રાચીન **કર્મ–સ્તવ**ના કર્તા વગેરેનો છે, અને **ચંદ્રર્ષિ** મહત્તર તો આ કર્મસ્તવકારના મતને અનુસરે છે એટલે પ્રસ્તુત મુદ્રિત ચુણ્ણિ **ચન્દ્રર્ષિ**કૃત **સત્તરિયાની** પાઇય ટીકાથી ભિન્ન છે એમ સમજાય છે. બૃહટ્ટિપ્પનિકા ( ક્રમાંક ૧૧૫ ) પ્રમાણે **ચંદ્રર્ષિ**ની ટીકા અને ચુણ્ણિ એ બે એક નથી.

રામદેવકૃત પ્રાકૃત ટિપ્પણની હાથપોથી મને ઉપલબ્ધ નથી એટલે એને અંગેના પ્રશ્નનો ઉત્તર હું આપી શકતો નથી.

" **चत्वारः कर्मग्रन्थाः** " ની આવૃત્તિના અંતમાં નોંધાયેલી ચુણ્ણિ તે જ પ્રસ્તુત મુદ્રિત ચુણ્ણિ છે, કેમકે એ સિવાયની બીજી કોઇ ચુણ્ણિ ઉપલબ્ધ નથી એમ સામાન્ય રીતે કહી શકાય.

મુદ્રિત ચુણ્ણિના કર્તાના નામ કે સમય વિષે સ્પષ્ટ ઉલ્લેખ કોઇ સ્થળે જણાતો નથી. આ ચુણ્ણિના સંપાદકનું કહેવું એ છે કે **સયગ**ની બૃહચ્ચૂર્ણિ અને **સયગ**ની **ચંદ્રર્ષિ** મહત્તરકૃત લઘુચૂર્ણિ એ એની રચના બાદ **સિત્તરિની** ઉપલબ્ધ ચુણ્ણિ રચાઇ હશે. જો આ હકીકત સાચી હોય તો ચુણ્ણિકારનો સમય **ચંદ્રર્ષિ** મહત્તર પછીનો ગણાય.

[1]**ભાસ–સત્તરિયા** ઉપર ૧૯૧ પદ્યનું જ. મ. માં ભાસ છે. અંતિમ ગાથામાં આડકતરી રીતે કર્તાએ પોતાનું ' અભય ' એટલે કે અભયદેવ નામ સૂચવ્યું છે. આ વાત આ ભાસની ટીકા( પત્ર ૧૨૭ આ )માં એના કર્તા મેરુતુંગસૂરિએ કરી છે. આ [2]ટીકા વિ. સં. ૧૪૪૯ માં રચાઇ છે એટલે ભાસના કર્તા એ પૂર્વે થયા છે.

મલયગિરિસૂરિએ **સત્તરિયા** ઉપર જે ટીકા રચી છે તેમાં ભાસની ગાથાઓ આપી તેનું વિવરણ પણ કર્યું છે, એમ આ ભાસની પ્રસ્તાવના( પૃ. ૪ આ )માં કહ્યું છે, પણ એ ગાથાઓ મલયગિરીય ટીકામાં કયાં કયાં છે તે દર્શાવાયું નથી. જૈ. આ. સભા તરફથી આ ટીકા સહિત **સત્તરિયા** છપાઇ છે, એના અંતમાંના બીજા પરિશિષ્ટમાં **સસતિકા** ભાષ્યનો નિર્દેશ નથી તો સાચી હકીકત શી છે ? તે તપાસાવી જોઇએ. એનો

---

૧. મેરુતુંગસૂરિકૃત સંસ્કૃત ટીકા સહિત આ ભાસ " શ્રી જૈનધર્મ પ્રસારક સભા " તરફથી " શ્રી સપ્તતિકાભાષ્યમ્ " એ નામથી ઇ. સ. ૧૯૧૯ માં છપાવાયું છે.

૨. આ ટીકામાં પત્ર ૫અમાં કર્મપ્રકૃતિ–ટીકાનો, ૧૦૫ અમાં ચૂર્ણિનો, ૩૪ આમાં પંચસંગ્રહ મૂલ ટીકાનો, ૧૦૨ અમાં મલયગિરિકૃત વ્યાખ્યાનો, ૩આમાં શતકચૂર્ણીનો ૧૧ અમાં સપ્તતિકા–ચૂર્ણિનો અને ૨ આ તેમજ ૧૦૨ અમાં આનો જ સપ્તતિચૂર્ણિ તરીકેનો ઉલ્લેખ છે.



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



નિર્ણય ન કરાય ત્યાં સુધી આ અભયદેવસૂરિ તે મલયગિરિના પૂર્વકાલીન અને એથી કરીને નવાંગી વૃત્તિકાર છે એમ કેમ માની લેવાય ?

ભાસની પ્રથમ ગાથામાં **સત્તરિયા**ની ચુન્નિ( ચૂર્ણિ ) અનુસાર ભાસ રચવાની પ્રતિજ્ઞા કરાઇ છે. આ ચુણ્ણિ તે મુદ્રિત ચુણ્ણિ છે કે બીજી કોઇ એનો નિર્ણય કરવો બાકી રહે છે. બાકી મેરુતુંગસૂરિએ પત્ર ૨ આમાં જે પાઠ ચુણ્ણિમાંથી આપ્યો છે તે તો મુદ્રિત ચુણ્ણિ( પત્ર ૨ અ )માં જોવાય છે.

ભાસની મુદ્રિત આવૃત્તિની **સત્તરિયા** સાથે તુલના કરતાં જોઇ શકાય છે કે એમાં મૂળની કેટલીક ગાથાઓ વણી લેવાઇ છે. દા. ત. ભાસની ૧૯, ૨૫, ૪૧, ૫૮, ૮૦, ૮૮, ૧૨૨, ૧૨૩, ૧૫૧, ૫૫ ને ૧૩ મી એ ક્રમાંકવાળી ગાથાઓ **સત્તરિયા**ની નિમ્નલિખિત અંકવાળી ગાથાઓ છેઃ—૧૨, ૧૩, ૧૪, ૨૬, ૨૭, ૨૮, ૨૯, ૩૦, ૩૧, ૪૦ અને ૪૭.[1]

આ સંબંધમાં શ્રીપુણ્યવિજયજીદ્વારા સંપાદિત આવૃત્તિ જોતાં ભાસની ૧૯, ૨૫ અને ૧૩ મી ગાથા **સત્તરિયા**માં નથી. બાકીના સત્તરિયામાં ૧૨, ૨૪, ૨૫, ૨૬, ૨૭, ૨૮, ૨૯ અને ૩૬ એ ક્રમાંકે છે.

**દેવેન્દ્રસૂરિએ સત્તરિયા** ઉપર ટીકા રચી છે અને મૂળ કૃતિમાં ૨૦ ગાથા ઉમેરી છે એમ ગુણરત્નસૂરિ આને લગતી અવચૂરિમાં કહે છે એવું વિધાન **જિનરત્નકોશ** ( પૃ. ૪૧૪ ) માં કરાયું છે.[2]

આ **જિનરત્નકોશ** પ્રમાણે દેવસુન્દરસૂરિના શિષ્ય **સોમસુંદરસૂરિ**એ ચૂર્ણિ, મુનિશેખરે ( મતિશેખરે ? ) વૃત્તિ, કુશલભુવનગણિએ વિ. સં. ૧૬૦૧ માં બાલાવબોધ, કલ્યાણવિજયના શિષ્ય ધનવિજયગણિએ વિ. સં. ૧૭૦૦માં ટબ્બો, **રાજહંસે** બાલાવબોધ અને કોઇકે ટીકા રચેલ છે.

અંતમાં **સત્તરિયા**ને અંગે ચાર બાબતો હું નોંધું છું.

( ૧ ) આ કૃતિનું પ્રાચીનમાં પ્રાચીન અને વાસ્તવિક નામ શું છે તે વિચારવું જોઇએ.

( ૨ ) આ પ્રાચીન કૃતિનો તુલનાત્મક અભ્યાસ થવો ઘટે.

( ૩ ) **સત્તરિયા**ની મુદ્રિત ચુણ્ણિ કરતાં એનાં જે વિવરણો પ્રાચીન અને અમુદ્રિત હોય તેનું સંપાદન થવું જોઇએ.

( ૪ ) જેમ **કમ્મપયડિ** ચુણ્ણિ તેમજ મલયગિરિસૂરિકૃત વૃત્તિ અને યશોવિજયગણિકૃત ટીકા સહિત એક જ ગ્રંથ એ પ્રસિદ્ધ થઇ છે તેમ **સત્તરિયા** પણ અંતરભાસ ચુણ્ણિ, ભાસ અને મલયગિરિસૂરિકૃત ટીકા અને બને તો ચુણ્ણિ કરતાં પ્રાચીન અન્ય વિવરણ સહિત એક ગ્રંથરૂપે વિશિષ્ટ પ્રસ્તાવના અને પરિશિષ્ટો સહિત પ્રસિદ્ધ થવી ઘટે.

---

૧. આ હકીકત મને આગમોદ્ધારકના સંતાનીય મુનિશ્રી દોલતસાગરજી તરફથી જાણવા મળી છે.

૨ જૈ. સા. સં. ઇ. ( પૃ. ૪૬૨–૩ )માં કહ્યું છે કે ગુણરત્નસૂરિએ સપ્તતિકા ઉપરથી દેવેન્દ્રગણિકૃત ટીકા પર આધાર રાખી વિ. સં. ૧૪૫૯માં અવચૂરિ રચી છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



## અનુલેખ—

ઉપર પ્રમાણે આ લેખ તૈયાર કરી હું એ પ્રકાશનાર્થે મોકલવાની તૈયારીમાં હતો ત્યાં તો મુનિશ્રી દોલતસાગરજીદ્વારા "શ્રી આત્માનંદ જૈન પુસ્તક પ્રચારક મંડલ" (આગરા) તરફથી વિ. સં. ૧૯૪૮ મા છપાયેલું "સપ્તતિકાપ્રકરણ (ષષ્ઠ[1] કર્મગ્રંથ)" નામનું પુસ્તક જોવા મળ્યું. એમાં **સત્તરિયા**ની અંકક ગાથા આપી એનો અર્થ અને સાથે સાથે એનો વિશેષાર્થ હિન્દીમાં અપાયેલ છે. આ હિન્દી લખાણના કર્તા પં. ફૂલચન્દ્ર સિદ્ધાન્તશાસ્ત્રી છે. આના સંપાદક તરીકે એમણે ૫૯ પૃષ્ઠની મનનીય હિન્દી પ્રસ્તાવના લખી છે તેમજ વિસ્તૃત વિષયાનુક્રમણિકા આપી છે. આ ઉપરાંત અંતમાં એમણે પાંચ પરિશિષ્ટો આપ્યાં છે, તે પૈકી બીજા પરિશિષ્ટ તરીકે એમણે અંતર્ભાષ્યની દસે ગાથાઓ આપી છે એ વાતની તેમજ ચોથા પરિશિષ્ટ તરીકે દિગંબરીય "પ્રાકૃત પંચસંગ્રહ"ના એક પ્રકરણરૂપ **સિત્તરિ** આપી છે એ બાબતની હું અહીં નોંધ લઉં છું.

પ્રસ્તાવના (પૃ-૫ તેમજ ૨૧)માં કહ્યું છે કે-**તત્ત્વાર્થસૂત્રની** જેમ શ્વેતાંબરીય ગણાતા, **શતક** અને **સપ્તતિકા** એ બે ગ્રંથો થોડાક પાઠભેદપૂર્વક શ્વેતાંબર તેમજ દિગંબર એમ બંને ફિરકાને માન્ય છે.

શ્વે૦ **સપ્તતિકા**માં અનેક સ્થળો પર મતભેદનો નિર્દેશ છે. જેમકે એક મતભેદ ઉદય-વિકલ્પ અને પદ-વૃંદોની સંખ્યા બતલાવતી વેળા અપાયો છે ( જુઓ ગા. ૧૯ ને ૨૦ તેમજ એની ટીકા ). બીજો મતભેદ અયોગિકેવલી ગુણસ્થાનમાં નામકર્મની કેટલી પ્રકૃતિ સત્તામાં હોય તેને લગતો છે ( જુઓ ગા. ૬૬-૬૮ ). આ પ્રમાણે ઉલ્લેખ કરી પ્રસ્તુત **સત્તરિયા,** કર્મવિષયક અનેક મતાંતર પ્રચલિત થઇ ગયા હતા ત્યારે રચાઇ હોવી જોઇએ એમ કહેવાયું છે ( પૃ. ૬ ).

કર્મવિષયક મૂળ સાહિત્ય તરીકે **ષટ્ખંડાગમ, કર્મપ્રકૃતિ, શતક** અને **કષાયપ્રાભૃત**ની સાથેસાથે **સપ્તતિકા** પણ ગણાવાઇ છે. આમ પાંચ ગ્રંથોનો ઉલ્લેખ છે ( પૃ. ૬ ). **સપ્તતિકા**ની આ પ્રમાણે ગણના માટે એ કારણ અપાયું છે કે થોડી ગાથાઓમાં કર્મસાહિત્યનો સમગ્ર નિચોડ આમાં અપાયો છે ( પૃ-૬ ).

**સત્તરિયા** ઉપરની મુદ્રિત ચુણ્ણિ [2]**સત્તરિયા**ની ૭૧ નહિ પરંતુ ૮૯ ગાથાઓ ઉપર છે. એથી ચૂર્ણિકારને મતે આ **સત્તરિયા** એ ૮૯ ગાથાની કૃતિ છે ( પૃ. ૭ ); એમાં ૭૨

૧ અત્યારે કર્મગ્રંથો જે રીતે ગણાવાય છે તેમાં આનો ક્રમાંક છઠ્ઠો હોવાથી આ નામ અપાયું છે.

૨. ગાથાઓની સંખ્યામાં મતભેદ હોવા માટે ત્રણ કારણ અપાયાં છે:-( અ ) લેખકો અને ગુજરાતી ટીકાકારોએ અંતર્ભાષ્યનો મૂળ ગાથા તરીકે કરેલો સ્વીકાર, ( આ ) દિગંબરીય **સિત્તરિ**ની કેટલીક ગાથાનો સ્વીકાર અને ( ઇ ) પ્રકરણોપયોગી અન્ય ગાથાઓનો મૂળ ગાથારૂપે સ્વીકાર ( પૃ. ૮ )

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ગાથાઓ મળે છે. તેમાં દસ ગાથાઓ અંતર્ભાષ્યની અને સાત બીજી મળી ૮૯ થઈ છે. આ સાત ગાથાઓ પ્રસ્તાવના( પૃ. ૧૨-૧૩ )માં ઉધ્ધૃત કરી [1]ગા. ૪-૬ દિગંબરીય **પંચસંગહ**ગત **સિત્તરિ**ની છે એમ કહ્યું છે ( પૃ. ૧૩ ). વિશેષમાં "**गाहग्गं सयरीए** "-વાળી ગાથા ઉપરથી એવું અનુમાન કરાયું છે કે મુદ્રિત ચુણ્ણિના કર્તા **ચંદ્રર્ષિ** મહત્તર છે ( પૃ. ૧૩, ૧૬ ને ૧૭ ).

પૃ. ૯માં મુદ્રિત ચુણ્ણિના સંપાદક શ્રી. અમૃતલાલના મતની આલોચના છે. 'પાઠંતર' કહેવાથી એને મૂળની ગાથા ન ગણવી એ વાત પં. ફુલચન્દ સ્વીકારતા નથી ( પૃ. ૯ ).

**શિવશર્મ**સૂરિકૃત સયગ( બંધસયગ )ની ગા. ૧૦૪ ને ૧૦૫નું **સત્તરિયા**ની મંગલ-ગાથા અને અંતિમ ગાથા સાથે [2]સંતુલન કરી એવું વિધાન કરાયું છે કે આ બંને ગ્રંથોના સંકલનકાર-કર્તા એક જ આચાર્ય હોય એવો ઘણો સંભવ છે ( પૃ. ૯, ૧૦ ).

પૃ. ૧૦-૧૧માં કહ્યું છે કે-**સયગ**( **શતક** )ની ચૂર્ણિ( પત્ર ૧ )માં **શિવશર્મ** આચાર્યને **શતક**ના કર્તા કહ્યા છે. એઓ એ જ **શિવશર્મ** છે કે જેઓ કર્મપ્રકૃતિ( કમ્મ-પયડિ )ના કર્તા મનાય છે. આ હિસાબે **કર્મપ્રકૃતિ શતક** અને **સપ્તતિકા** એક જ કર્તાની કૃતિ સિદ્ધ થાય છે, પરંતુ **કર્મપ્રકૃતિ** અને **સપ્તતિકા** મેળવતાં એમ જોવાય છે કે **સપ્ત-તિકા**માં અનંતાનુબંધી ચતુષ્કને ઉપશમ-પ્રકૃતિ કહી છે તો **કર્મપ્રકૃતિ**માં 'ઉપશમના' અધિકારમાં "**नंतरकरणं उवसमो वा** " એવો નિર્દેશ કરી આ ચતુષ્કની ઉપશમવિધિ અને અંતરકરણવિધિનો નિષેધ કરાયો છે. આ પ્રમાણે વિવેચન કરી ત્રણ પ્રશ્ન ઉઠાવાયા છે.

( ૧ ) શું **શિવશર્મ** નામના બે આચાર્ય થયા છે કે જેમાંનાં એક **શતક** અને **સપ્તતિકા**ના કર્તા છે અને બીજા આચાર્ય **કર્મપ્રકૃતિ**ના ?

( ૨ ) **શિવશર્મ** આચાર્યે **કર્મપ્રકૃતિ** રચી છે એ શું કેવળ કિંવદંતી છે ?

( ૩ ) **શતક** અને **સપ્તતિકા**ની કેટલીક ગાથામાં સમાનતા જોઇને એ બેના કર્તા એક છે એમ માનવું ક્યાં સુધી ઉચિત છે ?

આમ પ્રશ્નો રજૂ કરી એવો સંભવ દર્શાવાયો છે કે-આના સંકલનાકાર એક જ આચાર્ય હશે, કિન્તુ એનું સંકલન બે ભિન્ન ભિન્ન ધારાઓને આધારે થયું હશે. ગમે તેમ હો, અત્યારે તો **સપ્તતિકા**ના કર્તા **શિવશર્મ**સૂરિ જ છે એમ નિશ્ચયપૂર્વક કહેવું તે વિચારણીય છે. ( પૃ. ૧૧ )

દિગંબરીય **પ્રાકૃત પંચસંગ્રહ**નું સંકલન વિક્રમની સાતમી સદીની આસપાસમાં

---

૧. જે **સત્તરિ** પૂરતો ભાગ છપાયો છે તેમાં ગા. ૪ તે ગા. ૬૦ સાથે મળે છે, પરંતુ ગાથા. ૫ ને ૬ના પૂર્વાર્ધ ગા. ૬૧ ને ૬૩ના પૂર્વાર્ધ પૂરતો જ મળે છે; ઉત્તરાર્ધમાં ભિન્નતા છે એટલે આ ગાથાઓ દિ. **સત્તરિ**ની છે એમ કેમ કહેવાય ?

૨. પૃ. ૧૦ માં કહ્યું છે કે બીજી ગાથાને અનુરૂપ એક ગાથા **કમ્મપયડિ**માં પણ જોવાય છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



થઇ ગયું હતું. ( પૃ. ૧૪ ) આમાં **સપ્તતિકા** સંકલિત છે એટલે પ્રસ્તુત ( શ્વેતાંબરીય ) સિત્તરિની ( **સત્તરિયા** ) રચના એની પૂર્વે થઇ ગઇ હતી એમ નિશ્ચિત થાય છે. ( પૃ. ૧૪)

સંભવ છે કે–અંતર્ભાષ્યની ગાથાઓના રચનાર **સત્તરિના** કર્તા જ હશે, કેમકે **કષાયપ્રાભૃત**માં જે ભાષ્ય–ગાથાઓ છે એના રચનાર કષાયપ્રાભૃતકાર જ છે. ( પૃ. ૧૫ ).

**સત્તરિયા**ની મુદ્રિત ચુણ્ણિમાં [1]સયગ, [2]**સંતકમ્મ**, [3]**કસાયપાહુડ** અને [4]**કમ્મ-પયડિ-સંગહણી**નો ઉલ્લેખ છે.

**સત્તરિયા** એ વાત સિદ્ધ કરતી **નથી** કે **સ્ત્રીવેદી** જીવ મરીને સમ્યગ્દૃષ્ટિઓમાં ઉત્પન્ન થાય છે ( જો કે દિગંબર પરંપરાની આ નિરપવાદ માન્યતા છે. ) આ સંબંધમાં મલય-ગિરિસૂરિએ ચુણ્ણિ વગેરે અનેક ગ્રંથોનો ઉપયોગ કર્યો છે. ( પૃ ૧૯ ).

**અન્ય સત્તરિયાઓ**—( ૧ ) ચંદ્રર્ષિ મહત્તરકૃત **પંચસંગહપગરણ**ના અંતિમ પ્રકરણ-ની અધિકારમાંની અનેક ગાથાઓ પ્રસ્તુત શ્વે. **સત્તરિયા** સાથે મળતી આવે છે, ( ૨ ) આ પગરણની રચના પ્રસ્તુત **સત્તરિયા** રચાયા બાદ થોડે સમયે થઇ છે અને ( ૩ ) એના આ અંતિમ અધિકારનો આધાર પ્રસ્તુત સત્તરિયા છે એમ પ્રસ્તાવના( પૃ. ૨૦ )માં ઉલ્લેખ છે. ( અને એ વાસ્તવિક જણાય છે. )

દિગંબરીય **પ્રાકૃત પંચસંગ્રહ** એક ' સંગ્રહ ' ગ્રંથ છે. એમાં **જીવસમાસ**[5], **પ્રકૃતિ-સમુત્કીર્તન**, **બંધોદય સત્ત્વયુક્ત પદ**, **શતક** અને **સપ્તતિકા** એમ પાંચ ગ્રંથોનો સંગ્રહ કરાયો છે. એનાં છેલ્લાં બે પ્રકરણો ઉપર ભાષ્ય પણ છે. આ **પંચસંગ્રહનો** આધાર લઇ, અમિતગતિએ વિ. સં. ૧૦૭૩ માં સંસ્કૃતમાં **પંચસંગ્રહ** રચ્યો છે એટલે એમાં **સપ્તતિકા** છે. ( પૃ. ૨૦–૨૧ )

દિગંબરીય પ્રાકૃત **પંચસંગ્રહ**માં ૭૧ ગાથાઓ છે. એમાંની ૪૦ કરતાં વધારે ગાથા શ્વેતાંબરીય **સત્તરિયા** સાથે મળતી આવે છે. ચૌદેક ગાથામાં પાઠભેદ છે. [6]માન્યતા અને વર્ણનમાં ભેદને લઇને બાકીની ગાથા ભિન્ન છે ( પૃ. ૨૧ ).

દિગંબરીય પ્રાકૃત **પંચસંગ્રહ**નો પુષ્કળ ઉપયોગ **ગોમ્મટસારના** જીવકાંડ અને કર્મકાંડમાં કરાયો છે. કર્મકાંડમાંના બે મત આ વાતની સાક્ષી પૂરે છે કેમકે એવો ઉલ્લેખ આની **સપ્તતિકા** સિવાય કોઇ અન્ય દિગંબરીય કૃતિમાં જોવાતો નથી ( પૃ. ૨૩ ).

**ધવલા**( પુ. ૪, પૃ. ૩૧૫ )માં એના કર્તા વીરસેને **" जीवसमासए वि उत्तं,"** એમ કહી **" छप्पं च णवविहाणं "**વાળી ગાથા ઉદ્ધૃત કરી છે. આ પ્રાકૃત **પંચસંગ્રહ**માં ૧૫૯ મી ગાથા તરીકે જોવાય છે. આથી **ધવલા**ની રચના થઇ તે પૂર્વે આ પ્રાકૃત

૧ જુઓ પત્ર ૪, ૫. ૨ જુઓ પત્ર ૭ ને ૨૨. ૩ જુઓ પત્ર ૬૨. આ નામની કોઇ શ્વેતાંબરીય કૃતિ જરૂર હોવી જોઇએ એમ લાગે છે. ૪ જુઓ પત્ર ૬૧, ૬૨ ને ૬૩. ૫. ખરી રીતે આને બદલે પાઇય નામ અપાવાં જોઇએ; જેમકે પયડિસમુક્કિત્તણ ઇત્યાદિ. ૬. માન્યતાભેદનાં ચાર ઉદાહરણ અપાયાં છે. જુઓ પૃ. ૨૧–૨૨.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



**પંચસંગ્રહનું** વર્તમાન સ્વરૂપ નક્કી થઇ ગયું હતું ( પૃ. ૨૪ ). વળી શ્વેતાંબરીય **સયગની** ચુણ્ણિની રચના પહેલાં આ દિગંબર ગ્રંથ રચાયો છે ( પૃ. ૨૪ ) કેમકે આ **સયગ** ( ગા. ૯૩)ની ચુણ્ણિમાં જે બે વાર પાઠાંતરનો ઉલ્લેખ છે તે પાઠાંતર દિગંબરીય પ્રાકૃત **પંચસંગ્રહ**માં નિબદ્ધ દિગંબરપરંપરાના **શતક**માંથી લઇને ઉદ્ધૃત કરાયેલ છે એમ જણાય છે ( પૃ. ૨૫ ).

શ્વે. **સયગ**ની ચુણ્ણિના કર્તા જે ચંદ્રર્ષિ છે તે જ **પંચસંગહ પગરણ**ના કર્તા ચંદ્રર્ષિ મહત્તર કદાચ[1] હશે. ( પૃ. ૨૬ ). જો આ બંને એક જ હોય તો દિ૦ પ્રાકૃત **પંચસંગ્રહ** ચંદ્રર્ષિ મહત્તરના **પંચસંગહપગરણ** કરતાં પહેલાંનો છે ( પૃ. ૨૬ ).

**પ્રેમી–અભિનંદન ગ્રંથ**માં પૃ. ૪૧૭–૪૨૩માં શ્રી **હીરાલાલ જૈન** સિદ્ધાન્તશાસ્ત્રીનો " **प्राकृत और संस्कृत पंचसंग्रह तथा उनका आधार** " નામનો લેખ છપાયો છે. આમાં પ્રારંભમાં એક અજ્ઞાતકર્તૃક પ્રાકૃત અને બીજો અમિતગતિકૃત સંસ્કૃત એમ બે દિ૦ **પંચસંગ્રહ**માંનાં [2]પાંચે પ્રકરણોમાંથી કેટલાંક અવતરણો આપી પ્રાકૃત **પંચસંગ્રહ** **સં. પંચસંગ્રહ**થી પ્રાચીન છે એમ દર્શાવાયું છે અને એથી વિપરીત માન્યતા માટે અવકાશ નથી એમ સિદ્ધ કરવા માટે **ધવલા**( પૃ. ૪, પૃ. ૩૧૫ ) ગત અવતરણ અપાયું છે અને **जीवसमासाए** ને બદલે **जीवसमासए** જોઇએ એમ સૂચવાયું છે. દિ૦ પ્રા **પંચસંગ્રહ**ના **શતક**( સયગ ) અને **સપ્તતિકા**( સત્તરિ ) એ બે પ્રકરણોની એકેક ગાથા ઉપર ત્રણ ત્રણ ગાથા જેટલું ભાષ્ય( ભાસ ) છે એમ અહીં કહેવાયું છે. વિશેષમાં આ બંને પ્રકરણોની રચના એ નામની શ્વે. કૃતિ ઉપરથી થયાનો સ્પષ્ટ ઉલ્લેખ કરાયો છે એટલું જ નહિ પણ જે મૂળ કૃતિઓના સંકલનરૂપ આ દિ૦ કૃતિ છે તેનાં નામો કૃતજ્ઞતા દર્શાવવા માટે એ જ રખાયાં છે એમ ઉમેરાયું છે. ત્યારબાદ બાકીનાં પ્રકરણો પૈકી **પ્રકૃતિસમુત્કીર્તન**ની રચનાનો આધાર **છખંડાગમ**ની આ નામની ચૂલિકા કે જે છઠ્ઠા ભાગમાં છપાઇ છે તે છે એમ કહી [3]**જીવસમાસ** અને **કર્મપ્રકૃતિસ્તવ** એ બે પ્રકરણો **છખંડાગમ**ના 'બંધસ્વામિત્વ' અને 'બંધવિધાન' નામના બે ખંડને આધારે યોજાયાનો સંભવ દર્શાવાયો છે. અંતમાં દિ. પ્રાકૃત **પંચસંગ્રહ**ના કર્તાનું નામ જાણવામાં નથી, પરંતુ એનો સમય શક સંવત્ ૭૩૮માં પૂર્ણ કરાયેલી **ધવલા**ની પહેલાનો અને વિક્રમની પાંચમી સદીમાં થઇ ગયેલા મનાતા શિવશર્મસૂરિકૃત **સયગ**ની રચના પછીનો છે એમ કહ્યું છે.

---

૧. ખંભાતના ભંડારની એક તાડપત્રીય પ્રતિની પુષ્પિકામાં " **कृतिराचार्यश्रीचन्द्रमहत्तरशितांवरस्य । शतकस्य ग्रंथस्य ॥** " એવો જે ઉલ્લેખ છે એટલા જ ઉપરથી જો સયગ( **શતક** )ના **ચૂર્ણિ**કાર તે જ પંચસંગ્રહકાર છે એમ માનવાનું હોય તો હું એમ કરતાં જરૂર ખંચાઉં છું. આથી આ સંબંધમાં કોઇ બીજું સબળ પ્રમાણ હોય તો વિશેષજ્ઞોને એ રજૂ કરવા હું વિનવું છું.

૨ ચોથા અને પાંચમા પ્રકરણમાં ગા. ૭૭૫ ને ૫૧૮ તેમજ શ્લો. ૪૫૦ ને ૫૦૨ છે એમ અહીં ઉલ્લેખ છે.

૩ આ નામની જે શ્વે. કૃતિ છે તે તો આના આધારરૂપ નહિ હોય ?

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



આ પ્રમાણેના આ લેખમાં પ્રસ્તુત શ્વે. **સત્તરિયાને** આધારે દિ. પ્રાકૃત **પંચસંગ્રહ-સત્તરિ** નામનું પ્રકરણ રચાયાનું જે સ્પષ્ટ વિધાન છે-જે નિષ્કર્ષ કઢાયો છે, તેને અંગે પં. ફુલચન્દ્રે ઉપર્યુક્ત પ્રસ્તાવના( પૃ. ૨૬ )માં કહ્યું છે કે જ્યાં સુધી આ નિષ્કર્ષની પુષ્ટિ માટે કોઇ નિશ્ચિત પ્રમાણ નહિ મળે ત્યાં સુધી આવો નિષ્કર્ષ કાઢવો કઠણ છે, અત્યારે તો કેવળ એટલું જ કહી શકાય તેમ છે કે કોઇ એક સત્તરિને જોઇને બીજી રચાઇ છે.

પં. ફુલચન્દ્રનું આ વિધાન તેમજ એમણે પ્રસ્તાવનામાં રજૂ કરેલી કેટલીક બાબતો સાથે હું સંમત થતો નથી એટલું જ અત્યારે તો કહું છું.[1] સાથે સાથે હું એ ઉમેરું છું કે-ગાગરમાં સાગરને સમાવવાની અદ્ભુત કળાના ઉત્તમ નમૂનાઓ શ્વે. **સત્તરિયાની** રચના શ્વે. **સયગ**( બંધસયગ ) અને **કમ્મપયડિ** પૂર્વે થઇ હશે એવો વિચાર મારા મનમાં ઉદ્ભવે છે.

અંતમાં હું એટલું સૂચવું છું કે આ વિવિધ **સત્તરિયા**[2] એક સાથે છપાવાય અને એવી રીતે **સયગ** માટે પણ વ્યવસ્થા થાય તો તુલનાત્મક અભ્યાસ કરનારને વિશેષતઃ અનુકૂળતા રહેશે અને તેમ થતાં કેટલીક વિવાદગ્રસ્ત કે સંદિગ્ધ બાબતો વિષે અંતિમ નિર્ણય રજૂ કરાય એવી પરિસ્થિતિ ઉપસ્થિત થશે

૧. અહીં હું એમને બે પ્રશ્ન પૂછું છું:—( અ ) દિ. **પંચસંગ્રહના** 'શતક' પ્રકરણની રચના શાને આભારી છે? ( આ ) દિગંબરીય સાહિત્યમાં **સત્તરિ** અને **સયગ** નામની સ્વતંત્ર કૃતિઓ કેમ જણાતી નથી?

૨. દિ. પ્રા. **પંચસંગ્રહમાંનાં** આ પ્રકરણનું ભાસ( ભાષ્ય ) પણ છપાવવું ઘટે.

## આંસુનો ઉપદેશ

જગતના એ પ્રસિદ્ધ પ્રવચનકાર પાસે મેં નીતિનાં અનેક પ્રવચનો સાંભળ્યાં, પણ મારા પર એ ભવ્ય ઉપદેશોની અસર જરા પણ ન થઇ.

એ ઉપદેશોની અસર મારા પર કેમ ન થઇ? એ માટે મને અતિદુઃખ થયું અને અતિવેદનાનાં ઊનાં ઊનાં આંસુ ખરવા લાગ્યાં.

પણ ત્યાં તો મારા આશ્ચર્યનો પાર ન રહ્યો. ખરતાં આંસુ બોલી ઉઠ્યાં: " ભોળા! રડે છે શા માટે? રડવાની જરૂર તો તારે કે પેલા પ્રવચનકારને?"

મેં નમ્ર બની પૂછયું: " ઓ પાપને ધોનારાં પવિત્ર આંસુઓ! ઉપદેશક શા માટે રડે?"

માર્મિક હાસ્ય કરી એ વદ્યાં: " કારણ કે અનીતિના સિંહાસન પર બેસી, એ, નીતિનો ઉપદેશ આપે છે! લસણનો અર્ક છાંટી, એ, ગુલાબના અત્તરની વાત છેડે છે!"

અને પછી તો ખરતું છેલ્લું આંસુ સાચા મોતીમાં ફેરવાઇ ગયું!

—ચન્દ્રપ્રભસાગર ( ચિત્રભાનુ )

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# પ્રભુસેવાની પ્રથમ ભૂમિકા

( ડૉ. ભગવાનદાસ મનઃસુખભાઇ મહેતા, M. B.B. S. )

( અનુસંધાન પૃષ્ઠ ૧૨૨ થી શરૂ )

તેમજ—નય શબ્દના પરમાર્થ પ્રમાણે આગળ ને આગળ વસ્તુસ્વરૂપ પ્રત્યે દોરી જાય તે નય; અને નૈગમાદિ× નય પ્રકાર ઉત્તરોત્તર સૂક્ષ્મગોચર છે, એટલે આ નયનો પ્રયોગ વસ્તુના ઉત્તરોત્તર સૂક્ષ્મ બોધરૂપ પરમાર્થ પ્રત્યે લઈ જવા માટે આત્માર્થીને અવશ્ય ઉપયોગી—ઉપકારી થઇ પડે છે. આત્માની ગુણદશારૂપ વિકાસક્રમમાં અને પ્રભુભક્તિથી પ્રાપ્ત ભાવસેવારૂપ* આત્મપ્રગતિ આદિમાં નૈગમાદિ સાતે નયની સુંદર રસપ્રદ અને બોધપ્રદ પરમાર્થ ઘટના કરી શકાય છે. શ્રીમદ્ રાજચંદ્રજીએ આ સપ્ત નયો સ્વઆત્મા પર અદ્ભુત રીતે ઘટાવ્યા છે; તે અધ્યાત્મ નય—પરિશીલનનું ઉત્તમ ઉદાહરણ પૂરું પાડે છે.

"એવંભૂત દૃષ્ટિથી ઋજુસૂત્ર સ્થિતિ કર; ઋજુસૂત્ર દૃષ્ટિથી એવંભૂત સ્થિતિ કર. નૈગમ દૃષ્ટિથી એવંભૂત પ્રાપ્તિ કર: એવંભૂત દૃષ્ટિથી નૈગમ વિશુદ્ધ કર. સંગ્રહ દૃષ્ટિથી એવંભૂત થા; એવંભૂત દૃષ્ટિથી સંગ્રહ વિશુદ્ધ કર. વ્યવહાર દૃષ્ટિથી એવંભૂત પ્રત્યે જા; એવંભૂત દૃષ્ટિથી વ્યવહાર વિનિવૃત્તિ કર. શબ્દ દૃષ્ટિથી એવંભૂત પ્રત્યે જા; એવંભૂત દૃષ્ટિથી શબ્દ નિર્વિકલ્પ કર. સમભિરૂઢ દૃષ્ટિથી એવંભૂત અવલોક; એવંભૂત દૃષ્ટિથી સમભિરૂઢ સ્થિતિ કર. એવંભૂત દૃષ્ટિથી એવંભૂત થા; એવંભૂત સ્થિતિથી એવંભૂત દૃષ્ટિ શમાવ."— **શ્રીમદ્ રાજચંદ્ર**, પત્રાંક ૫૪૬.

આ સપ્ત નયની ગહન અર્થઘટનાવાળા ઉપરોક્ત સૂત્રો પરમ આશય ગંભીર છે. આ નયસૂત્રોનો જે યત્કિંચિત્ સ્વલ્પ પરમાર્થ મને યથામતિ સમજાયો, તે પ્રસ્તુત અધ્યાત્મ નયપરિશીલનમાં સુવિચારણાર્થે પ્રાસંગિક જાણી અત્ર આપું છું.

**નય-ઘટના**

૧. '**એવંભૂત દૃષ્ટિથી ઋજુસૂત્ર સ્થિતિ કર.**'—જેવા પ્રકારે શુદ્ધ નિશ્ચયથી આત્માની એવંભૂત શુદ્ધ સ્વરૂપ સ્થિતિ છે, તે દૃષ્ટિ લક્ષમાં રાખી ઋજુસૂત્રપણે—વર્તમાન પર્યાયમાં તથાપ્રકારે સ્થિતિ કર! એટલે કે વર્તમાનમાં શુદ્ધ સ્વરૂપમાં આત્મામાં સતત વર્ત. '**ઋજુસૂત્ર દૃષ્ટિથી એવંભૂત સ્થિતિ કર.**'—અને વર્તમાન પર્યાયની—ઋજુસૂત્રની દૃષ્ટિએ પણ જેવા પ્રકારે આત્માનું એવંભૂત શુદ્ધ નિશ્ચય સ્વરૂપ છે, તેવા પ્રકારે સ્થિતિ કર! અથવા વર્તમાન વ્યવહારરૂપ આચરણની દૃષ્ટિએ પણ જેવું શુદ્ધ આત્મસ્વરૂપ છે તેવી સ્થિતિ કર! શુદ્ધ સ્વરૂપસ્થ થા!

× एषु पूर्वः पूर्वो नयः प्रचुरगोचरः परः परस्तु परिमितविषयः।—श्री **नयप्रदीप.**

* જુઓ શ્રી દેવચંદ્રજીકૃત ચંદ્રપ્રભજિન સ્તવન તથા શિવગતિ જિન સ્તવન.



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



૨. '**નૈગમ દૃષ્ટિથી એવંભૂત પ્રાપ્તિ કર.**'—નૈગમ દૃષ્ટિથી એટલે કે જેવા પ્રકારે ચૈતન્યલક્ષણથી આત્મા લોકપ્રસિદ્ધ વ્યવહારથી વ્યવહારાય છે, તે દૃષ્ટિથી–તે દૃષ્ટિ લક્ષમાં રાખી એવંભૂત શુદ્ધ ચૈતન્યસ્વરૂપે સ્થિતિ કર! અથવા નૈગમ એટલે જેવા પ્રકારે વીતરાગ ભક્તિ, વૈરાગ્ય આદિ મોક્ષસાધક વ્યવહાર લોકપ્રસિદ્ધ છે, તે દૃષ્ટિથી એવંભૂત એટલે કે જેવા પ્રકારે આત્મસ્વરૂપ છે તેવા પ્રકારે થા! આ લોકપ્રસિદ્ધ વ્યવહાર આચરીને પણ નિરંતર એવંભૂત–યથોક્ત આત્મસ્વરૂપ પામવાનો જ લક્ષ રાખ! '**એવંભૂત દૃષ્ટિથી નૈગમ વિશુદ્ધ કર.**'–અને એવંભૂત દૃષ્ટિથી એટલે સાધ્ય એવા શુદ્ધ આત્મસ્વરૂપને નિરંતર લક્ષમાં રાખી નૈગમથી ચૈતન્યલક્ષણ આત્માને વિશુદ્ધ કર! અથવા લોકપ્રસિદ્ધ મોક્ષસાધક વ્યવહારને વિશુદ્ધ કર!

૩. '**સંગ્રહ દૃષ્ટિથી એવંભૂત થા.**'—સામાન્યગ્રાહી એવા સંગ્રહ નયની દૃષ્ટિથી એવંભૂત થા! સંગ્રહનયની દૃષ્ટિની અપેક્ષાએ સર્વ જીવસત્તાથી સિદ્ધ સમાન છે. 'સર્વ જીવ છે સિદ્ધ સમ, '–આ દૃષ્ટિ લક્ષમાં રાખી એવંભૂત થા! અર્થાત્ જેમ આત્મસ્વરૂપ છે તેવી સ્થિતિને પામેલો થા! એવો સ્વરૂપસ્થ થા! '**એવંભૂત દૃષ્ટિથી સંગ્રહ વિશુદ્ધ કર.**'–એવંભૂત અર્થાત્ જેવું યથાસ્થિત શુદ્ધ સહજ આત્મસ્વરૂપ છે, તેવી દૃષ્ટિથી–તે અપેક્ષા દૃષ્ટિસન્મુખ રાખી સંગ્રહ અર્થાત્ જે પોતાની સ્વરૂપસત્તા છે તે વિશુદ્ધ કર! એટલે કે શુદ્ધ નિશ્ચય સ્વરૂપ લક્ષમાં રાખી તેને અનુકૂળ શુદ્ધ વ્યવહારનું એવું અનુષ્ઠાન કર, કે જેથી કરીને–જે સાધનવડે કરીને તે એવંભૂત આત્મારૂપ સાધ્ય સિદ્ધ થાય.

૪. '**વ્યવહાર દૃષ્ટિથી એવંભૂત પ્રત્યે જા.**'—વ્યવહાર દૃષ્ટિથી એટલે પરમાર્થ-સાધક વ્યવહાર દૃષ્ટિથી એવંભૂત પ્રત્યે જા! શુદ્ધ સ્વરૂપ પ્રત્યે જા! કારણ કે સર્વ વ્યવહાર–સાધનનું એક જ સાધ્ય સ્વરૂપસિદ્ધિ છે. '**એવંભૂત દૃષ્ટિથી વ્યવહાર વિનિ-વૃત્તિ કર.**'—એવંભૂત નિશ્ચયરૂપ શુદ્ધ સ્વરૂપ દૃષ્ટિ લક્ષમાં રાખી વ્યવહાર વિનિવૃત્તિ કર! એવી ઉત્તરોત્તર ચઢતી આત્મદશા ઉત્પન્ન કરતો જા, કે જેથી પછી વ્યવહાર–સાધનની વિનિવૃત્તિ થાય, અપેક્ષા ન રહે. ( કારણ કે સમસ્ત વ્યવહાર નિશ્ચયની સિદ્ધિ માટે છે. તેની સિદ્ધિ થતી જાય છે, તેમ તેમ વ્યવહારની નિવૃત્તિ થાય છે. )

૫. '**શબ્દ દૃષ્ટિથી એવંભૂત પ્રત્યે જા.**'—શબ્દદૃષ્ટિથી એટલે આત્મા શબ્દના ખરેખરા અર્થમાં એવંભૂત–શુદ્ધ આત્મસ્વરૂપ પ્રત્યે જા! દાખલા તરીકે–જ્ઞાન–દર્શન–ચારિત્ર પ્રત્યે ગમન–પરિણમન કરે તે આત્મા, એમ 'આત્મા' શબ્દનો અર્થ છે. આ શબ્દના યથાર્થ અર્થરૂપ દૃષ્ટિ લક્ષમાં રાખી એવંભૂત પ્રત્યે જા! શુદ્ધ આત્મસ્વરૂપને પામ! '**એવંભૂત દૃષ્ટિથી શબ્દ નિર્વિકલ્પ કર.**'—એવંભૂત–શુદ્ધ સ્વરૂપલક્ષી દૃષ્ટિથી શબ્દને–યથાર્થ અર્થરૂપ 'આત્મા' નામધારી શબ્દને નિર્વિકલ્પ કર! અર્થાત્ 'આત્મા' સિવાય જ્યાં બીજો કાંઈ પણ વિકલ્પ વર્ત્તતો નથી એવો કર! નિર્વિકલ્પ આત્મધ્યાનને–શુક્લધ્યાનને પામ!

૬. '**સમભિરૂઢ દૃષ્ટિથી એવંભૂત અવલોક.**'—સમભિરૂઢ–નિશ્ચય સ્વરૂપની

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



સાધનામાં સમ્યક્પણે અભિરૂઢ–અતિ ઊંચે ચઢેલ, ઉચ્ચ ગુણસ્થાન સ્થિતિને પામેલ એવી દૃષ્ટિથી, એવંભૂત એટલે જેવા પ્રકારે મૂળ શુદ્ધ આત્મસ્વરૂપ છે તે અવલોક! જો! કારણ કે સમભિરૂઢ સ્થિતિવાળાને પ્રત્યક્ષ પ્રગટ એવંભૂત આત્મદર્શન–કેવલદર્શન થાય છે. '**એવંભૂત દૃષ્ટિથી સમભિરૂઢ સ્થિતિ કર.**' એવંભૂત–શુદ્ધ આત્મસ્વરૂપ સ્થિતિની દૃષ્ટિથી સમભિરૂઢ–આત્મસ્વરૂપમાં સમ્યક્પણે અત્યંત આરૂઢ, એવી પરમ યોગદશાસંપન્ન સ્થિતિ કર! સ્વરૂપારૂઢ થા! યોગારૂઢ સ્થિતિ કર!

૭. '**એવંભૂત દૃષ્ટિથી એવંભૂત થા.**'—એવંભૂત દૃષ્ટિથી–શુદ્ધ આત્મસ્વરૂપ સ્થિતિની દૃષ્ટિથી–લક્ષમાં રાખી એવંભૂત થા! અર્થાત્ શુદ્ધ આત્મસ્વરૂપમાં જેણે સ્થિતિ કરી છે એવો સ્વરૂપસ્થિત થઇ જા! '**એવંભૂત સ્થિતિથી એવંભૂત દૃષ્ટિ શમાવ.**' અને આવા પ્રકારે એવંભૂત સ્થિતિથી–યથાસ્થિત શુદ્ધ આત્મસ્વરૂપમાં સ્થિતિથી એવંભૂત અર્થાત્ આત્મસ્વરૂપ સ્થિતિની દૃષ્ટિ શમાવ! અર્થાત્ શુદ્ધ આત્મસ્વરૂપ જે હારું સાધ્ય, ધ્યેય, લક્ષ હતું, તે શુદ્ધ સહજાત્મસ્વરૂપમાં તો તું હવે સ્થિત થઈ ચૂક્યો છે, એટલે હવે જૂદી એવી એવંભૂત દૃષ્ટિ રહી નથી. દૃષ્ટિ અને સ્થિતિ બંને એકરૂપ–એકાકાર થઇ ગયા છે, એકમેકમાં સમાઇ ગયા છે, તન્મય થઇ ગયા છે; એટલે હવે એનું અલગ–જૂદું ગ્રહણ કરવાપણું રહ્યું નથી, 'દૃષ્ટિ પ્રમાણે સૃષ્ટિ' તેં ઉત્પન્ન કરી દીધી છે, માટે હે પરંબ્રહ્મ! હવે તે એવંભૂત દૃષ્ટિને પણ સમાવી દે, કારણ કે તે તું જ છે. દૃષ્ટિ અને સ્થિતિની એકરૂપતારૂપ, પરમ સિદ્ધ અભેદરૂપ, પરમ નિશ્ચયરૂપ તે જ પરમ યોગદશાને તું પામ્યો છે.

ઇત્યાદિ પ્રકારે અત્ર પ્રસંગથી અધ્યાત્મ નય પરિશીલનનું દિગ્દર્શન કર્યું. હવે **અધ્યાત્મહેતુ પરિશીલનનો** કંઇક વિચાર કરીએ. સાધ્યનો અવિનાભાવી, એટલે સાધ્યને સાધ્યા વિના ન રહે–અવશ્ય સાધે જ તે હેતુ કહેવાય છે. નિજ સ્વરૂપની સાધક અધ્યાત્મક્રિયાના સાધનભૂત હેતુનું પરિભાવન કરવું તે અધ્યાત્મ હેતુ પરિશીલન. જેમકે–સત્ સાધ્ય લક્ષમાં રાખી, સત્ સાધન સેવે, તો સત્સિદ્ધિ થાય. શુદ્ધ આત્મસ્વરૂપનો નિરંતર લક્ષ્ય રાખી, શુદ્ધ આત્મસાધન સેવે, તો શુદ્ધ આત્મસિદ્ધિ થાય. અર્થાત્ સત્ એવા આત્મસ્વરૂપનો અવંચક યોગ–યોગાવંચક* સાધી, તે આત્મસ્વરૂપની સાધક એવી સત્ અવંચક યોગ ક્રિયા–ક્રિયાવંચક કરે, તો શુદ્ધ આત્મસિદ્ધિરૂપ સત્ અવંચકની પ્રાપ્તિ થાય. આ ઉપરથી આ પરમાર્થ ફલિત થાય છે કે યોગસાધન કરવા ઇચ્છતા આત્માર્થી સાધકે એટલું અવશ્ય ગવેષવા યોગ્ય છે કે આપણે જે આ સાધન સેવીએ છીએ તે ખરેખર મોક્ષહેતુરૂપ થઈ પડે છે કે કેમ? ઇષ્ટ આત્મસિદ્ધિરૂપ સાધ્ય મધ્યબિન્દુ પ્રત્યે લઇ જાય છે કે કેમ? સાધ્ય લક્ષ્યબિન્દુ ચૂકી જઇ, લક્ષ્ય વિનાના બાણની પેઠે, આ મ્હારા યોગ–ક્રિયા–ફલ વંચક તો નથી થઇ પડતાને? અવંચક જ રહે છે ને? (અપૂર્ણ)

**અધ્યાત્મહેતુ પરિશીલન**

* યોગાવંચક, ક્રિયાવંચક ને ફલાવંચકનું વિશેષ સ્વરૂપ સમજવા માટે જુઓ આ લેખક વિવેચિત કરેલ **યોગદૃષ્ટિસમુચ્ચય** પૃ. ૧૫૮ થી ૧૬૪.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# પુસ્તકોની પહોંચ

**द्वादशारनयचक्रम् भाग त्रीजो**—સંપાદક આચાર્યશ્રી વિજયલબ્ધિસૂરીશ્વરજી મહારાજ. પ્રકાશક–ચંદુલાલ જમનાદાસ શાહ–છાણી. કિંમત–રૂ. ૬)

દ્વાદશારનયચક્રમ્ ગ્રંથનો બીજો ભાગ પ્રસિદ્ધ થયેલ અમને મળ્યો છે. તે સાભાર સ્વીકારવામાં આવે છે. આ ગ્રંથના પહેલા ભાગના સ્વીકાર વખતે અમે ટૂંક સમાલોચના કરેલ છે જે પુસ્તક ૬૫, સં. ૨૦૦૫ના અંકમા પાને ૯૫ મે પ્રસિદ્ધ થયેલ છે. ગ્રંથમાં નયના બાર આરાની કલ્પના કરી તેનું ન્યાયની ભાષામાં વિવરણ કરેલ છે. પહેલા ભાગમાં પ્રથમના બે આરા **વિધિ** અને **વિધિવિધિનું** વર્ણન છે. આ બીજા ભાગમાં ત્યારપછીના ચાર આરા–**વિધિઉભયમ્, વિધિનિયમ્, ઉભયમ્** અને **ઉભયવિધિનું** વર્ણન છે. શરૂઆતમાં આચાર્યશ્રીએ ગ્રંથના આ બીજા ભાગનું ટૂંકમાં વક્તવ્ય સંસ્કૃતમાં લખેલ છે. જેમાં બાકીના છ આરા ટૂંક સમયમાં છપાઇને બહાર પડશે, એવી ભાવના દર્શાવેલ છે. ત્યારપછી વિસ્તારથી વિષયક્રમ બતાવ્યો છે, જેથી જાણવા માટે કોઈપણ તેમાં સંકળાયેલ વિષય સહેલાઇથી મળી શકે તેમ છે. ગ્રંથ અપૂર્વ છે, તેના વિશે અમારા ટૂંકા વિચારો અમે પ્રથમ ભાગના સ્વીકાર વખતે દર્શાવેલ છે. પહેલા ભાગની સમાલોચનામાં લખ્યા પ્રમાણે ત્રીજો છેવટનો ભાગ પ્રસિદ્ધ થાય તે વખતે આખા ગ્રંથની પ્રસ્તાવના આચાર્ય મહારાજશ્રી પોતે તૈયાર કરે અથવા આવા ગ્રંથોના જ્ઞાતા કોઇ સમર્થ વિદ્વાનને હાથે તૈયાર કરાવવામાં આવે તે ઇચ્છવા જેવું છે. બની શકે તો હિંદી ભાષામાં આવી પ્રસ્તાવના લખાવી જોઇએ.

**योगबिन्दु**—પ. પૂ. આચાર્યશ્રી હરિભદ્રસૂરીશ્વરજીકૃત તથા આ. શ્રી બુદ્ધિસાગરસૂરિજીના વિવેચન સહ લેખક આચાર્યશ્રી ઋદ્ધિસાગરજી મહારાજ.–પ્રકાશક શા. ભોગીલાલ અમથાલાલ વખારીયા–વિજાપુર. મૂલ્ય રૂા. પાંચ. આ ગ્રંથ યોગશાસ્ત્રનો એક અપૂર્વ ગ્રંથ છે. પાતંજલ યોગદર્શનનો જૈન દૃષ્ટિએ સમન્વય મૂળ ગ્રંથકાર હરિભદ્રસૂરીશ્વરજીએ કરેલ છે. યોગદૃષ્ટિસમુચ્ચય અને યોગબિન્દુ બધા મોક્ષાર્થીએ વાંચવા, વિચારવા અને જીવનમાં ઉતારવા જેવા સ્વાધ્યાયના ગ્રંથો છે. ઋદ્ધિસાગરસૂરિજીએ સુવિસ્તૃત વિવેચન કરી ગુર્જરભાષાના વાંચકોને અધ્યાત્મ સંબંધી સુંદર સામગ્રી પૂરી પાડી છે. પ્રયાસ પ્રશંસનીય છે.

**શ્રમણ ભગવાન મહાવીર** ( વો. ૩ જું ) ગણધરવાદ. મુનિશ્રી રત્નપ્રભવિજયજી સંપાદિત આ ગ્રંથ છપાવનાર શ્રી જૈન સિદ્ધાંત સોસાયટી, પાંજરાપોળ ઉપાશ્રય—અમદાવાદ. કિંમત રૂ. ૧૦) હિંદુસ્તાનમાં.

આ ગ્રંથ પ્રથમ ૧૯૪૨માં છપાયો હતો તેમાં થોડોઘણો ફેરફાર કરી સન ૧૯૫૦માં પુનઃ છપાવવામાં આવ્યો છે. ક્ષમાશ્રમણ શ્રી જિનભદ્રગણિએ શ્રી ભદ્રબાહુસ્વામીએ રચેલ આવશ્યક સૂત્રની નિર્યુક્તિ ઉપર માગધીમાં ભાષ્ય રચેલ છે. અને તેના ઉપર સંસ્કૃતમાં મલધારી શ્રી હેમચંદ્રસૂરિજીની ટીકા છે. સદરહુ નિર્યુક્તિ, ભાષ્ય અને સંસ્કૃત ટીકા સાથે ગણધરવાદવાળો ભાગ આ ગ્રંથમાં છપાયો છે. અને અંગ્રેજીમાં તેનું ભાષાંતર કરવામાં આવેલ છે. આખો ગ્રંથ અંગ્રેજી ભાષા જાણનારને વાંચવા જેવો છે. ગણધરવાદમાં જૈન



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



દર્શનના આત્મા, કર્મ વિગેરે દાર્શનિક વિષયોનું દલીલો સાથે ન્યાયનો ભાષામાં સમર્થન કરવામાં આવેલ છે. પુસ્તક જાહેર લાઇબ્રેરી, કોલેજો, પાઠશાળાઓમાં વસાવવા જેવું છે. આપણા મુનિ મહારાજાઓ આવા પુસ્તકો સંપાદિત કરવા અને તે દ્વારા જૈન તત્ત્વજ્ઞાનનો સ્વદેશ અને પરદેશમાં પ્રચાર કરવા જે પ્રયાસ કરે છે તે સ્તુત્ય છે.

**सिरिजंबूस्वामिचरितम्** ( પ્રતાકાર )—પ્રાકૃત ભાષામાં આ ચરિત્રનું ગૂંથન કરવામાં આવ્યું છે. શ્રી જંબૂસ્વામીના ચરિત્રને લગતા અનેક ગ્રંથો છે, પરન્તુ આ પ્રાકૃત રચના વિશિષ્ટ પ્રકારની છે, તેમજ તેમાં આવતા પ્રસંગો પણ અલૌકિક છે. સંપાદક–પંન્યાસ શ્રી ધુરન્ધરવિજયજી મહારાજ છે. મૂલ્ય રૂા. ૧–૪–૦. અમારી સભામાંથી મળી શકશે. સભાને મુનિશ્રી હ્રીંકારવિજયજીના સ્મરણાર્થે તેમના સંસારી બંધુ ગાંગજીભાઇ કરમશી તરફથી ભેટ મળી છે.

**श्रीपाक्षिकसूत्र-वृत्ति** ( પ્રતાકાર )—સંશોધક અને સંપાદક–આચાર્યશ્રી ચંદ્રસાગરસૂરિજી મહારાજ. આર્થિક સહાયના પ્રેરક આચાર્યશ્રી વિજયભક્તિસૂરિજી મહારાજ. પ્રકાશક–થરાનિવાસી શેઠ છોટાલાલ સંપ્રીતચંદ. ટીકાકાર શ્રી યશોદેવસૂરિએ આ કૃતિ વિ. સં. ૧૩૨૭ માં રચી છે. સાધુ–સાધ્વીઓને અભ્યાસ માટે આવશ્યક ગ્રંથ છે.

**सिरिविजयचंदकेवलिचरियम्** ( પ્રતાકાર )—સંપાદક–મુનિરાજ શ્રી શુભંકરવિજયજી. પ્રાપ્તિસ્થાન કેશવલાલ પ્રેમચંદ કંસારા, ઠે. બજારમાં–ખંભાત. આ શિરનામે છ આનાના સ્ટાંપ મોકલનારને ભેટ મોકલવામાં આવે છે. પ્રાકૃત ભાષામાં શ્રી વિજયચંદ્ર કેવલીનું ચરિત્ર રોચક ભાષામાં વર્ણવવામાં આવેલ છે. અષ્ટપ્રકારી પૂજા પર, વિવિધ કથાઓ આપવામાં આવી છે. પ્રયાસ પ્રશંસનીય છે. પ્રતાકાર પાના આશરે ૫૦ છે.

**श्रीनमस्कार महात्म्यम्** ( પ્રતાકાર )—શ્રીસિદ્ધસેનાચાર્યજીની આ કૃતિના સંપાદક પંન્યાસશ્રી કાંતિવિજયજી મહારાજ છે. આ પ્રકારના આ લઘુ ગ્રંથમાં નમસ્કાર મહામંત્રનું માહાત્મ્ય અપૂર્વ રીતે દર્શાવવામાં આવ્યું છે. મૂલ્ય દશ આના. પ્રાપ્તિસ્થાન શ્રી કેશરબાઇ જ્ઞાનમંદિર–પાટણ.

**ऋषिमण्डलस्तवप्रकरणम्** ( પ્રતાકાર )—પ્રકાશક–પૂ. પંન્યાસશ્રી ભક્તિવિજયજી ગણિવરના સદુપદેશથી જૈન સંઘ–રાંધેજા. સંપાદક–પં. શ્રી માનવિજયજી મહારાજ તથા પં. શ્રી કાંતિવિજયજી મહારાજે આ પ્રકરણનું સંપાદન સુંદર કર્યું છે. શ્રી ઋષિમંડળસ્તવ પ્રકરણની ગાથા ૧૬૨ છે. પ્રતાકાર પાના છત્રીશ છે. સાથે અવચૂરિ પણ આપવામાં આવી છે. કીંમત છ આના. પ્રાપ્તિસ્થાન સંઘવી વાડીલાલ ધુરાભાઇ–રાંધેજા.

**વીરકથામૃત( ભાગ ૧ લો )**—શ્રી લાધાજીસ્વામીસ્મારક ગ્રંથમાળાનો મણકો ૩૯ મો. સંગ્રહકાર સ્વ. કવિશ્રી મહારાજશ્રી વીરજીસ્વામી, સંપાદક–શાંતમૂર્તિ મુનિશ્રી રૂપચંદ્રજી સ્વામી, પ્રાપ્તિસ્થાન કાંતિલાલ વૃજલાલ શેઠ–લીંબડી. મૂલ્ય રૂા. દોઢ. ક્રાઉન સોળ પેજી સાર્ધઝના ૨૨૫ પૃષ્ઠના આ પુસ્તકમાં ટૂંકી ટૂંકી ૧૩૫ કથાઓ સુંદર અને બોધક ભાષામાં આપવામાં આવી છે. દરેક કથાની નીચે તેનો સાર સંક્ષિપ્ત રીતે આપવામાં આવ્યો છે. એકંદર પ્રયાસ પ્રશંસનીય છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



**ધર્મસિંહ મંત્રીનો રાસ અને શિવબોધ**—સંપાદક-શાંતમૂર્તિ શ્રી રૂપચંદ્રજી સ્વામી, ચૌદ ઢાળમાં, કર્તા સ્વ. કવિ શ્રી વીરજીસ્વામીએ પોતાની વિદ્વત્તા દર્શાવવા સાથે ઉપદેશક વસ્તુ રજૂ કરી છે. કૃતિ સારી છે. આ રાસની પાછળ શિવબોધમાં ટૂંકા ટૂંકા ઉપદેશક વાક્યોનો સારો સંગ્રહ કરવામાં આવ્યો છે. પોસ્ટના બે આના મોકલવાથી શેઠ કાંતિલાલ વ્રજલાલ, છાલીયાપુરા, લીંબડીથી ભેટ તરીકે મળશે.

**શ્રી તપા-ખરતરભેદ:**—પ્રકાશક-શ્રી મુક્તાબાઈ જ્ઞાનમંદિર-ડભોઇ. શ્રી આત્મ-કમલ-દાન-પ્રેમ-જંબૂસૂરિજી જૈન ગ્રંથમાળા નં. ૧૬ કિંમત રૂા. ૨-૦-૦ પેઇજ ૧૭૬. ભાષાકાર આ. શ્રી વિજયજંબૂસૂરિએ પ્રયાસ સુંદર કર્યો છે. આ પુસ્તકમાં તપગચ્છ અને ખરતરગચ્છ વચ્ચે જે મતાંતર છે તેનું વર્ણન દર્શાવવામાં આવ્યું છે.

**શ્રી જ્ઞાનસાર**—સ્વોપજ્ઞભાષાર્થના અનુવાદ સહિત મૂળ કર્તા-ન્યાયાચાર્ય શ્રીમદ્ ઉપા૦ યશોવિજયજી મહારાજ. સંપાદક-પંડિત ભગવાનદાસ હરખચંદ. પ્રકાશક-શ્રી જૈન પ્રાચ્ય વિદ્યાભવન-અમદાવાદ. આ ગ્રંથની આ બીજી આવૃત્તિ છે, કિંમત બે રૂપીયા. આ બુકમાં ૩૨ અષ્ટકો છે. દરેક અષ્ટકમાં આઠ આઠ શ્લોકોની રચના ઉપાધ્યાયજી મહારાજે કરી છે, જેનો આ અનુવાદ સંપાદક મહાશયે સુંદર રીતે કરેલો છે. દરેક અષ્ટકોના મૂળના શ્લોકો તેની નીચે શબ્દાર્થ અને તે પછી સંકલનાપૂર્વક વિશેષાર્થ આપી અભ્યાસીઓ માટે સરલતા કરી આપી છે. પૃષ્ઠ આશરે ત્રણસો. અમારી સભામાંથી મળી શકશે.

**નવપદ આરાધનવિધિ:**—સંપાદક-પૂ. પંન્યાસ શ્રી કનકવિજયજી ગણિવર. પ્રાપ્તિ-સ્થાન: સોમચંદ ડી. શાહ-પાલીતાણા. સોળ પેજી ૧૬૦ પેજ, મૂલ્ય ૧-૪-૦ નવ દિવસનો નવપદ આરાધનનો વિધિ, નવપદનાં ચૈત્યવંદન, સ્તવન, થોયો, નવપદ મહિમા વર્ણન, સ્નાત્રપૂજા, નવપદ પૂજા તેમજ અન્ય વિવિધ તપોની આરાધન વિધિનો સુંદર સંગ્રહ કર્યો છે. ઓળીનું આરાધન કરનાર આત્માઓને ઘરમાં વસાવવા જેવું છે. સાથે નવપદ ભગવંતનાં માહાત્મ્ય પર 'શ્રીપાલ ચરિત્ર' ટૂંકમાં સરળ ભાષામાં સંકલિત કરીને મૂક્યું છે.

**જિનેંદ્ર કાવ્ય વિભાગ:**—( ભા. ૧લો ) શ્રી જૈન ધાર્મિક શિક્ષણ સંઘ-મુંબઇદ્વારા આ પ્રકાશન કરવામાં આવ્યું છે. આ વિભાગમાં ધાર્મિક પાઠશાળાઓના અભ્યાસક્રમને ઉપયોગી વસ્તુઓ દાખલ કરવામાં આવી છે. સંપાદક-શ્રી ધીરજલાલ ટોકરશી શાહ. મૂલ્ય આઠ આના. ધાર્મિક શિક્ષણ સંઘની સાથે સંકળાએલ મુંબઇની પાઠશાળાઓ તથા પરાઓની પાઠશાળાઓમાં આ અભ્યાસક્રમ ચલાવવામાં આવે છે. ધીમે ધીમે આ શિક્ષણ સંઘ પોતાનું કાર્યક્ષેત્ર વધારતું જાય છે. આ વિભાગનો બીજો વિભાગ પણ પ્રકાશિત કરવામાં આવનાર છે. આ ભાગની વિશિષ્ટતા એ છે કે-બધા સ્તવનો વગેરેના શબ્દાર્થો તથા સામાન્ય સમજુતી પણ આપવામાં આવી છે, જેથી અભ્યાસકને સરલતા રહે. પાઠશાળાઓમાં પ્રચાર કરવા લાયક છે. રવીન્દ્ર પોપટલાલ સીરીઝ તરીકે ગાંધી પોપટલાલ હરગોવીંદદાસ તરફથી આર્થિક સહાય મળવાથી પડતર કિંમતે આપવામાં આવે છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

નવું પ્રકાશન તરતજ મગાવો

## પ્રભાવિક પુરુષો : : ભાગ ત્રીજો

લેખક: **શ્રી મોહનલાલ દીપચંદ ચોકસી**

શ્રી મોહનલાલભાઇની કથા-સાહિત્ય અંગેની કલમથી "શ્રી જૈન ધર્મ પ્રકાશ"ના વાચકો અજ્ઞાત નથી. તેમની કસાયેલી કલમથી આજ પૂર્વે પ્રભાવિક પુરુષો ભાગ ૧-૨ પ્રકાશિત થઇ ગયેલ છે અને તેનો સુંદર ઉપાડ થયો છે તેવી જ રસિક કલમથી, સાદી ને સુરોચક ભાષામાં આ ત્રીજો ભાગ આલેખવામાં આવ્યો છે.

પૂર્વના બંને ભાગ પછીની હકીકત આ પુસ્તકમાં વણી લેવામાં આવી છે; એટલે **પૂર્વધર ત્રિપુટીમાં** આચાર્ય સંભૂતિવિજય, **શ્રી ભદ્રબાહુ-સ્વામી** અને દશ પૂર્વના જ્ઞાતા, ચોરાશી ચોવીશી પર્યંત અમર નામધારી **મુનિશ્રી સ્થૂલિભદ્ર. સમ્રાટ્ ત્રિવેણીમાં** સમ્રાટ ચંદ્રગુપ્ત, સંપ્રતિ અને ખારવેલ અને **બંધવબેલડીમાં શ્રી આર્યમહાગિરિ** અને **શ્રી આર્યસુહસ્તિસૂરિનાં** રસ-ભરપૂર કથાનકો છે.

સુંદર ત્રિરંગી જેકેટ, પાકું બાઈંડીંગ, ક્રાઉન સોળ પેજી સાઇઝના પૃષ્ઠ આશરે સાડા ત્રણસો છતાં **મૂલ્ય** માત્ર રૂપિયા **સાડા ત્રણ.**

તમારી નકલ માટે આજે જ લખી નાખોઃ—

**શ્રી જૈન ધર્મ પ્રસારક સભા—ભાવનગર.**

## શ્રી પાર્શ્વનાથ પંચકલ્યાણક પૂજા.

[ નવી આવૃત્તિ-અર્થ સાથે. ]

સભા તરફથી ઉપરોક્ત પૂજા બહાર પડેલ, તે ઘણા સમયથી શીલકમાં ન હોવાથી તેની આ સુધારેલી નવી આવૃત્તિ બહાર પાડવામાં આવી છે. પૂજાનો અર્થ સ્વ. શ્રી કુંવરજીભાઇનો લખેલ હોવાથી સમજવામાં ઘણી જ સરલતા રહે છે.

કિંમત પાંચ આના. પોસ્ટેજ અલગ. લખો.

**શ્રી જૈન ધર્મ પ્રસારક સભા-ભાવનગર.**

## શ્રી પર્વતિથિ સ્તવનાદિ સમુચ્ચય

દરેક પર્વ તિથિઓના, વીશ સ્થાનક, નવપદ, ચોવીશે તીર્થંકરો, પર્યુષણ તથા મહત્ત્વના ચૈત્યવંદન, સ્તવન તથા સજઝાય વિગેરેનો અનુપમ સંગ્રહ. પાકું કપડાનું બાઈંડીંગ અને પાંચશેં લગભગ પૃષ્ઠ હોવા છતાં મૂલ્ય માત્ર રૂપિયા ત્રણ, પોસ્ટેજ અલગ.

લખોઃ—**શ્રી જૈનધર્મ પ્રસારક સભા—ભાવનગર.**

For Private And Personal Use Only